આપણા કૌટુંબિક જીવનની માવજત કરી આપણાં સંસ્કૃતિ અને સંસ્કારને
વ્યક્તિ ઘડતર દ્વારા સમૃદ્ધ કરવાની ઝંખના સેવતું માસિક...

છૂટક કિંમત : રૂા. ૨૦/- • વાર્ષિક લવાજમ : રૂા. ૨૦૦/- • Publication 2nd of Every Month

# ઘરશાળા

સરસ્વતી વિદ્યામંડળ
સ્થાપના : ૧૯૪૪

વર્ષ : ૮૫ • અંક : ૧૦
સળંગ અંક : ૧૦૨૨
જાન્યુઆરી-૨૦૨૬

## ભારતીય સૈન્યની સંગીત સંધ્યા











## શાળાકીય વાર્ષિકોત્સવ







# ઘરશાળા

વર્ષ : ૮૫ જાન્યુઆરી ૨૦૨૬ અંક : ૧૦ સળંગ અંક : ૧૦૨૨

## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ૧ | **સંપાદકીય** | |
| | અશોકભાઈ સોમપુરા | ૫ |
| ૨ | **ગાંધીવિચારની શાશ્વતતા** | |
| | મનસુખ સલ્લા | ૭ |
| ૩ | **શ્રદ્ધેય સારથી** | |
| | ઈશ્વર પરમાર | ૧૧ |
| ૪ | **ભુવનગિરિમાં ગીતાનું દર્શન** | |
| | કાકાસાહેબ કાલેલકર | ૧૯ |
| ૫ | **ગાંધી વિચારધારાનું પ્રતીક** | |
| | અમિતાબહેન પાલખીવાલા | ૨૫ |
| ૬ | **સોશિયલ મીડિયા : સમાજનું પ્રતિબિંબ** | |
| | હરેશ ધોળકિયા | ૨૯ |
| ૭ | **તિલની (મૂળ શીર્ષક : તુમારશાહી પહેલાં)** | |
| | રાજેન્દ્ર દવે | ૩૧ |
| ૮ | **કાશ્મીરનું રાજ્ય ભારતની આઝાદી વખતે કેવી રીતે ગૂંચવાયું?** | |
| | ડૉ. કૌશિક ચૌધરી | ૩૬ |
| ૯ | **પ્રભુ દર્શન** | |
| | અશોકભાઈ સોમપુરા | ૪૧ |
| ૧૦ | **સંસ્થા સમાચાર** | |
| | | ૪૨ |

**સ્થાપક તંત્રીઓ**

હરભાઈ ત્રિવેદી

રઘુભાઈ નાયક, જશીબહેન નાયક

**તંત્રીઓ**

જ્યોતીન્દ્રભાઈ દવે

સજુભા ઝાલા

**સહતંત્રી**

અશોકભાઈ સોમપુરા

**વ્યવસ્થા અને સંકલન**

કે. ડી. પટેલ

ભૃગેશ તપોધન

**પરામર્શન**

અમિતાબહેન પાલખીવાલા

**ઘરશાળા કાર્યાલય સરનામું**

**સરસ્વતી વિદ્યામંડળ**

**ડૉ. રઘુભાઈ નાયક શિક્ષણ સંકુલ**

**સરસપુર, અમદાવાદ - ૩૮૦૦૧૮**

**ફોન : ૦૭૯-૨૨૯૨૦૫૩૭**

**મોબાઈલ : ૯૨૨૭૭૫૨૫૨૩, ૮૩૪૭૯૦૦૭૯૨**

**આ માસિકમાં પ્રગટ થતા અભિપ્રાયો સાથે તંત્રી મંડળની સહમતી ના પણ હોઈ શકે. લેખ, લવાજમ, અંક ન મળવાની ફરિયાદ, કેળવણી વિષયક સમાચાર વગેરે કાર્યાલયના સરનામે મોકલવા વિનંતી છે. છાપનાર સામગ્રી પાછી મેળવવા જરૂરી પોસ્ટલ ટિકિટો મોકલવી.**

**શિક્ષણ-કેળવણી, બાળઉછેર, કૌટુંબિક જીવન, શિક્ષક-શિષ્યના સંબંધો, પ્રયોગાત્મક અહેવાલ, બાળ માનસશાસ્ત્ર આધારિત લેખો આવકાર્ય છે.**

**પત્ર વ્યવહારમાં ગ્રાહક નંબર અચૂક લખવો. સરનામામાં ફેરફાર થાય તો કાર્યાલયને તુરંત જાણ કરવી.**

email : gharshala@saraswatividyamandal.org

website : www.saraswatividyamandal.org/publication

**લવાજમ અંગેની માહિતી**

| લવાજમ | ભારત | પરદેશ |
|---|---|---|
| વાર્ષિક | ₹ ૨૦૦ | ₹ ૨૦૦૦ |
| ત્રિવાર્ષિક | ₹ ૫૦૦ | ₹ ૫૦૦૦ |
| પાંચ વર્ષ | ₹ ૮૫૦ | ₹ ૮૫૦૦ |

લવાજમ માટેનો ચેક ઘરશાળા માસિકના નામે લખી કાર્યાલયના સરનામે મોકલવો. ઓનલાઇન/ચેકથી લવાજમ ચૂકવો ત્યારે તેની વિગત સાથે ગ્રાહકનું નામ સરનામું વોટ્સઅપ દ્વારા મોબાઇલ નંબર-૯૨૨૭૭૫૨૫૨૩/૮૩૪૭૯૦૦૭૯૨ પર અચૂક જાણ કરવી.

ઓનલાઇન માધ્યમથી લવાજમ મોકલવા માટે :

બેંકનું નામ : બેંક ઑફ બરોડા

ખાતા નંબર : ૦૮૫૮૦૧૦૦૦૦૧૧૧૭

ખાતાનું નામ : ઘરશાળા માસિક

આઈ.એફ.એસ.સી. કોડ : **BARB0SARASP.** (Fifth character is zero)

# સંપાદકીય

- અશોકભાઈ સોમપુરા

**ઉતરાયણ થયા ઉત્તરે રવિ વળ્યા**

**ભાનુના ભર્ગની વાગી ઘડીઓ**

**ઊઠજો આર્ય પુત્ર ઊઠજો.**

આર્ય સંસ્કૃતિમાં વર્ષોથી સૂર્યની ઉપાસના રહી છે. આર્ય સંસ્કૃતિનો વિકાસ કૃષિ સંસ્કૃતિથી થયો અને કૃષિ (ખેતી)નો બધો જ આધાર સૂર્યના અયન પર છે. માટે જ આર્યો સૂર્યપુત્રો કહેવાયા. ખગોળશાસ્ત્ર પ્રમાણે સૂર્યનું ધન રાશિમાંથી મકર રાશિ તરફનું પ્રયાણ અને ભૂગોળ પ્રમાણે ૨૩.૫ દક્ષિણ અક્ષાંશ પરથી ઉત્તર અક્ષાંશ તરફનું પ્રયાણ એટલે જ ઉતરાયણ. આપણા બધા તહેવાર હિંદુ પંચાંગની તિથિ પ્રમાણે ચાલે છે. માત્ર ઉતરાયણ જ એક એવું પર્વ છે જે ૧૪ જાન્યુઆરીના દિવસે આવે છે. તેનું ભૌગોલિક કારણ પણ છે. પૃથ્વી તેની ૬૬.૬ પર ઝુકેલી ધરી ઉપર ફરે છે અને સાથે સાથે સૂર્યની આસપાસ પણ ફરે છે. પરિણામે પૃથ્વી પર સૂર્યપ્રકાશના કિરણો ૨૩.૫ દક્ષિણ અક્ષાંશ અને ૨૩.૫ ઉત્તર અક્ષાંશ પર નિયમિત સમય ઉત્તર-દક્ષિણ ગોળાર્ધના મધ્ય ભાગમાં તેની ઊર્જા અપ્રમાણ રીતે આપે છે અને માટે જ તે ભાગ સમશીતોષ્ણ પ્રદેશ કહેવામાં આવે છે.

ખેર! આ વાત થઈ ખગોળશાસ્ત્ર અને ભૂગોળની. પણ આ સૂર્યની હાજરી સમગ્ર સજીવ સૃષ્ટિ માટે અગત્યની છે. પ્રાણીઓ, માણસ અને વનસ્પતિનું જીવન સૂર્ય ઊર્જાથી વિકસ્યું અને ટકી રહ્યું છે. ભારતની સમઘાત આબોહવાનું મૂળ કારણ સૂર્યની ઉપાસના છે. પરિણામે સૂર્યના ઉત્તરાયણ કે દક્ષિણાયન સમયે આપણા દેશમાં તેની ઉજવણી થાય છે.

બિહાર અને ઉત્તર ભારતમાં શિયાળાની શરૂઆતમાં છઠ પૂજા થાય છે તે સૂર્યની દક્ષિણ તરફની યાત્રા કે વિદાયનો તહેવાર છે. આથી આથમતા સૂર્યની પૂજા કરી તેને વિદાય કરે છે અને છઠ્ઠા દિવસે સૂર્યના દક્ષિણના પ્રવાસના પ્રથમ પરોઢે પૂજા અર્ચના કરી ખરીફ પાકના ધાન્યને પ્રસાદ રૂપે અર્પણ કરી તર્પણ આપે છે.

૧૪ મી જાન્યુઆરીના દિવસે સૂર્ય તેની યાત્રા ઉત્તર તરફ આરંભ કરે છે. તેની ખુશાલીમાં ઉતરાયણ આપણે સૌ જુદા જુદા સ્વરૂપે ઉજવીએ છીએ. ઉત્તર ભારતમાં ‘‘લોહડી’’ તો

આસામમાં "બિહુ" તો દક્ષિણમાં "પોંગલ"ના નામે આપણે આર્યો સૂર્યના વધામણા કરીએ છીએ. અગાઉ જણાવ્યા પ્રમાણે આ આપણી કૃષિ સંસ્કૃતિનું પ્રતીક છે. રવિ પાક અથવા શિયાળુ પાકના આગમનના આનંદને વ્યક્ત કરતો આ તહેવાર છે.

ગુજરાતમાં ઉતરાયણ એટલે પતંગ ઉત્સવ. આ અબાલ વૃદ્ધ સૌનો તહેવાર છે. ખેડૂતો માટે ફસલના આનંદનો તહેવાર, દાન-પુણ્ય માટેનો શ્રેષ્ઠ દિવસ. તેમાં પણ સૂર્ય દ્વારા આપણને જે મળ્યું છે, તેને વહેંચવાનો તહેવાર છે. કેવી ઉચ્ચ ભાવના આપણા આ તહેવારમાં રહેલી છે. આપણે સૌ આ તહેવારને માણીએ, ભાવનાને સમજીએ અને સૂર્યદેવને વંદન કરીએ. આ પ્રકાશ આપણી બુદ્ધિને માર્ગદર્શિત કરે અને સુખ સમૃદ્ધિમાં ઉત્તરોત્તર વૃદ્ધિ કરે તેવી સૂર્યદેવને પ્રાર્થના.

❀ ❀ ❀

**પંચશીલ સંકલ્પ**

એક : હું ઓછામાં ઓછું એક વૃક્ષ ઉછેરીશ અને બને તો અભણ વ્યક્તિને ભણાવીશ. નાના પરિવારનો આગ્રહ રાખીશ.

બે : દહેજ લઈશ નહિ, આપીશ નહિ અને જીવનસાથીની પસંદગીમાં દબાણને વશ નહિ થાઉં.

ત્રણ : મનગમતા સામાજિક કામ માટે અઠવાડિયે એક કલાક કે મહિને ચાર કલાક કે વર્ષે ત્રણ દિવસ કાઢીશ.

ચાર : ધૂમ્રપાન કે મદ્યપાન અને કેફી દ્રવ્યોથી દૂર રહીશ. બને ત્યાં સુધી શાકાહારી રહીશ.

પાંચ : વિશ્વશાંતિ માટે મથીશ. કોમવાદ કે જ્ઞાતિવાદને પોષે તેવા તોફાનો કે આંદોલનોથી દૂર રહીશ અને લાંચ નહિ લઉં.

ઉપરના પાંચ સંકલ્પ મેં વાંચ્યા છે, અને દેશને બેઠો કરવા માટે આ સંકલ્પો જરૂરી છે, એમ સમજીને હું એ પાળવા માટે પ્રતિજ્ઞાબદ્ધ છું.

**- ડૉ. ગુણવંત શાહ**

❀ ❀ ❀

# ગાંધીવિચારની શાશ્વતતા

- મનસુખ સલ્લા

આજે આપણે સાબરમતી આશ્રમમાં ગાંધીજીનું સ્મરણ કરવા મળ્યાં છીએ તેનું ઔચિત્ય છે. દરેક દેશની રાજધાની હોય છે. રાજધાની પ્રધાનો-સચિવોને આધારે ઓળખાય છે; પરંતુ રાષ્ટ્રનું હૃદયસ્થાન ભિન્ન બાબત છે. ભારતનું હૃદયસ્થાન સાબરમતી અને સેવાગ્રામ છે. એમાં ગાંધીજી દ્વારા જે ચિંતન થયું અને જીવન જીવાયું તે કેવળ ભારતને માટે જ નહિ, સમગ્ર વિશ્વ માટે પ્રેરણાદાયી છે. આપણી દૃષ્ટિ આ હૃદયસ્થાન ઉપર રહેશે તો આપણે વાજબી મૂલ્યો ગ્રહણ કરી શકીશું.

ગાંધીજીના વિચારો સારા લાગે છે. સાચા પણ લાગે છે, પણ અપનાવી શકતા નથી. કારણ કે તેમાં વિચારવું અને જીવવું જુદું નથી. ગાંધીજીમાં આંતર-બાહ્ય તત્ત્વો એકરૂપ હતાં. તેમને માટે સ્વરાજની લડત અને ચિત્તશુદ્ધિ ભિન્ન નહોતાં. પ્રાર્થના અને સંડાસ-સફાઈ અલગ નહોતાં. સત્યાગ્રહ કરવો અને રેંટિયો ચલાવવો એ ચિત્તની ભૂમિકાએ સમાન હતાં. એટલે તો નોઆખલીમાં કોમી દાવાનળ વખતે આંસુ લૂછવા ગયા ત્યારે આત્મવિજયના પ્રયોગો કરવાનું મન તેમને થાય છે.

જરૂર પૂરતો ગાંધીવિચાર અને બાકીની બાબતમાં આપણી રીતે જીવવું - ના ખંડદર્શનને કારણે આ રાષ્ટ્રના પ્રશ્નો વિષમ બન્યા છે. સ્વરાજ આવ્યું, પણ સર્વોદય ન થયો. લોકોના ભલાની વાત કરીએ છીએ; પરંતુ વિકાસનો રાહ ઊલટો જ પસંદ કર્યો. એટલે ફાવી ગયેલાને લાભ થાય છે. વંચિતો આયોજનના કેન્દ્રમાં નથી મૂકાતા. તો સર્વોદય ન જ સ્થપાય.

છેલ્લી સદીમાં વિશ્વમાં અનેક શોધો થઈ છે. વૈચારિક ક્ષેત્રમાં બે અગ્રણીઓના વિચારોને દુનિયાને નવેસરથી વિચારની ફરજ પાડી છે. એક છે કાર્લ માર્ક્સ, બીજા છે ગાંધીજી. કેટલાક લોકો કહે છે કે બંને વચ્ચેનો ફરક અહિંસા પૂરતો છે, બંને કરુણાથી પ્રેરાયેલા છે; પરંતુ એટલો જ ફરક નથી. માર્ક્સ માને છે કે માણસ એની પરિસ્થિતિનું સંતાન છે. એટલે વ્યવસ્થા બદલો તો બધું બદલાશે. આ દર્શનનો આધાર સ્થૂળ જગત છે. ભૌતિક જગતના નિયમો મનુષ્ય ઉપર પૂરા લાગુ ન કરી શકાય. રાજ્ય કરમાઈને ખરી પડશે, સમગ્રપણે સામ્યવાદ સ્થપાશે એ માર્ક્સનું સ્વપ્નું સાચું ન પડ્યું. દુનિયાએ જોયું કે હિંસા જ વ્યાપક બની. તોતિંગ અને જડબેસલાક વ્યવસ્થાથી રાજ્ય જ હિંસાનું માધ્યમ બની ગયું.

ગાંધીજીએ સમાજ અને માણસને સાથે જ બદલવાનું દર્શન આપ્યું. કારણ કે તેમનું દર્શન આત્મતત્ત્વ આધારિત છે. માણસ મેળમાં રહે તો બધું મેળમાં રહેશે. વ્યવસ્થા સર્વજન હિતકારી બનશે. ગાંધીજી દક્ષિણ આફ્રિકાથી

ભારતમાં આવ્યા ત્યારે દેશની વસતી લગભગ ૩૦ કરોડની હતી અને અંગ્રેજો એકાદ લાખ હતા. પણ સૌએ ભય કે સ્વાર્થથી ગુલામી સ્વીકારી લીધી હતી. એટલે ગાંધીજીએ માણસને બદલવાની વાત કહી.

ગાંધીજીનો વિશ્વાસ આત્મશુદ્ધિ ઉપર છે. મનુષ્યના ચિત્ત ઉપર ચડેલાં આવરણો દૂર થાય તેના પર છે. તો આખી સમષ્ટિ આત્મવત્ બની શકે. એટલે ગાંધીજી અંગ્રેજોને દુશ્મન નથી ગણતા, એમની કોટી જીવનશૈલીનો વિરોધ કરે છે. આ માટે ગાંધીજીએ અહિંસક સત્યાગ્રહોની આધારશિલા રૂપે અગિયાર વ્રતો અને રચનાત્મક કાર્યોની જિકર કરી. વ્રતો અને રચનાત્મક કાર્યો પ્રજાની આત્મશક્તિ વધારનારાં હતાં. લોકશક્તિ કેવળ અંગ્રેજોનો સામનો કરવામાં જ યોજવાની ન હતી. બલ્કે, માનવીય મૂલ્યવત્તાના વિકાસ માટે યોજવાની હતી. ગાંધીજીનું જીવન વ્રતનિષ્ઠાનું ઉત્તમ દૃષ્ટાંત હતું. આશ્રમી જીવન એટલે વ્રતનિષ્ઠ જીવન. દાંડીકૂચ વખતે આશ્રમમાંથી પ્રયાણ કરતી વખતે (૧૯૩૦) તેમણે સત્યાગ્રહીઓને કહ્યું હતું, આપણી પાસે એક જ પૂંજી છે - આપણા ઉપરના નિયમોનું પાલન. અથવા પાલનનો આપણો ભગીરથ પ્રયત્ન. આવું જીવન આપણે સાધુ-સંતો-ત્યાગીઓ માટે જ શક્ય માનીએ છીએ. સંસારી જીવો માટે અશક્ય લાગે છે. પણ સ્વરાજની લડતે સિદ્ધ કર્યું કે એ તમામ મનુષ્યો માટે શક્ય છે. એ માટે જરૂર છે દૃષ્ટિ બદલવાની, દૃષ્ટિ પરિવર્તન માટે હૃદય પરિવર્તન કરવાની. આજે લોકશક્તિનો અનુભવ નથી થતો, રાજ્યસત્તાનો એકાધિકારવાદ વધતો જાય છે તેમ દેખાય છે, કારણ કે રચનાત્મક કાર્યો અને વ્રતનિષ્ઠા ભુલાયાં છે કે ઝાંખાં પડ્યાં છે. આવું જીવન જીવવા માટે, નવી જીવનશૈલી અપનાવવા માટે કેળવણીનું નવું સ્વરૂપ નીપજાવવું જરૂરી હતું. આ દેશમાં કમાણી કરવાની શક્તિ આપનાર કૌશલ્યોની તાલીમ અપાય છે, પણ તેમાંથી માણસાઈની બાદબાકી થઈ ગઈ છે. કાર્યકૌશલ્ય અને ચરિત્ર-ઘડતરને છૂટાં પાડ્યાં. તેથી આજની ભારતીય શિક્ષણવ્યવસ્થા ઉકેલને બદલે પ્રશ્નરૂપ બની છે. પરિણામે અસંતોષ અને અજંપો ગુણાકારની ઝડપે વધી રહ્યાં છે. ભણેલાઓ સ્વહિતબુદ્ધિથી જ વિચારે છે, જીવે છે. સર્વજનહિત બુદ્ધિથી વિચારતા નથી, તેથી કર્તવ્ય-પાલન વિશે બેપરવા હોય છે.

ગાંધીજીએ ૧૯૨૦માં ગૂજરાત વિદ્યાપીઠની સ્થાપના કરતી વખતે કહેલું કે, 'એક વણિક કરી શકતો હોય તો મેં ઋષિકાર્ય કર્યું છે.' કારણ કે એ દ્વારા બધા પ્રકારની મુક્તિ તેમને અપેક્ષિત હતી. એ વિચાર ૧૯૩૭માં નઈ તાલીમ રૂપે આકારિત થયો. નઈ તાલીમ એટલે માત્ર સાવરણો અને રેંટિયો નહિ, જીવનનો સમગ્રતાથી વિચાર કરવો અને એના સંદર્ભમાં જવાબદારીભર્યું જીવન જીવવું. સ્વરાજપ્રાપ્તિ કે અહિંસક સત્યાગ્રહને નહિ, ગાંધીજીએ નઈ તાલીમને ભારતની પોતાની મહામૂલી અંતિમ ભેટ ગણાવી. નઈ તાલીમની રીતે મનુષ્યનું ઘડતર થાય તો તેનાં વલણો, આદતો અને

મૂલ્યો બદલાય. મનુષ્ય વ્રતનિષ્ઠ બને. કાર્યશક્તિ અને કાર્યનિષ્ઠાનો યોગ થાય. વ્યક્તિગત સુખ અને સામાજિક ઉત્તરદાયિત્વ એકરૂપ બને. માત્ર વ્યવસ્થા પરિવર્તન નહિ પણ મનુષ્યનું નૂતન રૂપ પ્રગટાવવું એ લક્ષ્ય હોય તો નઈ તાલીમ અનિવાર્ય છે. શ્રમનું ગૌરવ, સામાજિક અનુબંધ તથા જીવન અને જગતને અખંડ દૃષ્ટિથી જોવું-પામવું એ નઈ તાલીમનો મૂલાધાર છે.

ગાંધીજીનું નઈ તાલીમનું દર્શન એ કેવળ વાચન કે ચિંતનનું પરિણામ નથી, પણ ગાંધીજીના જીવનમાંથી પ્રગટેલું છે. સાચું જીવન જીવવાના પ્રયોગોમાંથી જન્મેલું છે. એમાંથી વ્યક્તિ, સમાજ અને સમષ્ટિનો વિચાર અખંડપણે કરવાની સમજ વિકસે છે અને જીવનમાં શું કરાય શું ન કરાય તેનો કર્મ વિવેક જાગે છે. પોતાનાં સ્થૂળ કે માનસિક કર્મોની અસર સમાજ અને સમષ્ટિ ઉપર થાય છે, એ પરખાય તો પૃથ્વીના કાર્બનમાં વધારો કરનારી જીવનશૈલી વાજબી ગણાય કે નહિ તે સમજાય. પૃથ્વીના તાપમાનમાં ૨ થી ૩ ડિગ્રીનો વધારો સુનામી, વાવાઝોડાં, અનિયમિત ઋતુચક્ર અને ગ્લોબલ વૉર્મિંગ વધારશે એ પર્યાવરણશાસ્ત્રની અને તેના પ્રશ્નોની વિકારળતા ગાંધીવિચારને વધુ સચોટ રીતે સમજતાં કરાવશે. એટલે ગાંધીજીએ પરિશ્રમનું ગૌરવ અને અપરિગ્રહની વાત ઘણી વહેલી (૧૯૦૯, હિન્દ સ્વરાજમાં) રજૂ કરી. તેમાંથી જરૂરિયાત (Need) અને લોભ (Greed) વચ્ચેનો ભેદ પારખી શકાય. ગાંધીજી તો કહી શક્યા હતા કે, આ સૃષ્ટિમાં તમામની જરૂરિયાત જેટલું છે જ, પણ કોઈ એકના લોભને સંતોષે એટલું નથી.' એ સમજ ત્યારે સ્પષ્ટ થાય અને સ્થિર થાય કે આપણે પરિશ્રમનું ગૌરવ સમજીએ અને અપરિગ્રહનો સહજ સ્વીકાર હોય.

આ સાબરમતીને કાંઠે વસતા મહાત્મા સવારે બે ટબૂડી પાણીથી મોં ધોતા, દાતણ કરતા. એવું વારંવાર જોઈને મોહનલાલ પંડ્યાએ પૂછેલું, 'બાપુ, આવી મોટી સાબરમતી વહી રહી છે, ધૂબકા મરાય એટલું પાણી છે, ને તમે બે ટબૂડી પાણીથી જ દાતણ-પાણી કેમ કરો છો? ત્યારે ગાંધીજીએ જીવનની અખિલાઈના સંદર્ભમાં કહેલું, 'આ સાબરમતીના પાણીમાં મારો અધિકાર બે ટબૂડી પાણીનો જ છે. બાકીનું પાણી અન્ય માણસો, પશુ-પંખી, વૃક્ષો-વનસ્પતિ માટે છે.' ગાંધીજીના જીવનમાંથી ઊગેલો જવાબ આજની વૈશ્વિક જરૂરિયાત બની ગયો છે.

આજે ઝાઝું પેદા કરો અને ઝાઝું વાપરો (વેડફો પણ) એનો મહિમા ટી.વી., જાહેરાતો, ઈન્ટરનેટ દ્વારા ચારેકોર થઈ રહ્યો છે. એનાં શાસ્ત્રો પેદાં થયાં છે. આ મારક સંસ્કૃતિ છે. અમેરિકન જીવનપદ્ધતિને આદર્શ માનીને આંધળુકિયા કરનારું જગત, એ વિચારતું નથી કે એ વીસ કરોડ લોકોની શૈલીએ ભારતના ૧૩૦ કરોડ અને ચીનના ૧૫૦ કરોડ જીવવા માંડશે તો ૩૦-૪૦ વર્ષ પછી જગતનાં સંસાધનોમાંથી કેટલું બચશે? ગાંધીજીએ ઉપભોગપ્રધાન સંસ્કૃતિને રાક્ષસી સંસ્કૃતિ કહી અને અપરિગ્રહનું જીવનવ્રત સ્વીકાર્યું એ આજની સમષ્ટિની માંગ છે. 'મારું જીવન એ

જ મારી વાણી' કહી શકતા મહાત્માનું જીવન આવું યજ્ઞમય હતું.

ફોગટનું મેળવવું એ જ ચોરી છે એ ગાંધીજીનું યુગાનુકૂળ અર્થઘટન છે. અસ્તેય વ્રત સદીઓ જૂનું છે, ગાંધીજીએ સમગ્ર સમષ્ટિના સંદર્ભમાં એને પારખ્યું છે. આપણી ફરજ અદા ન કરીએ અને અણહકનું મેળવીએ તે પણ ચોરી છે એ સમજ વૈશ્વિક સંવાદિતા માટે જરૂરી છે. એ નાની નાની ઘટના રૂપે પ્રગટ થાય છે. આપણે કોઈને ૪ વાગ્યે મળવાનું કહીને ૪.૩૦ વાગ્યે પહોંચીએ તો સામી વ્યક્તિની ૩૦ મિનિટની ચોરી કરી ગણાય. નોકરી લેતી વખતે સાત કલાક કામ કરવાનું સ્વીકારીએ અને છ કલાક જ કામ કરીએ (ત્યાં રહીએ ભલે સાત કલાક) તો એક કલાકની ચોરી કરી ગણાય. કોઈને કામ પર રાખીએ અને ૬૦૦૦ રૂપિયા મહેનતાણું આપવાનું કહીએ, પણ ગમે તે બહાનાં બતાવી ૫૦૦૦ રૂપિયા ચૂકવીએ તો એક હજાર રૂપિયાની ચોરી છે. શાકની રકમ ચૂકવીએ પણ કોથમરી-મરચાં-લીમડો મફતમાં લઈએ તો તે ચોરી જ છે.

જીવનની પ્રત્યેક ઘટનાને ગાંધીજી વ્યાપક અને સર્વજનહિતની દૃષ્ટિએ જોતા. 'મારે એક ડગલું બસ થાય.' એ ગાંધીજીનો આદર્શ હતો. ડગલે ડગલે તેમણે આરોહણ કર્યું છે. માનવજાત આ નથી પાળતી એટલે અન્યાય, શોષણ, ભ્રષ્ટાચાર અને હિંસા છે. એનો ઉપાય ગાંધીજીએ બતાવેલી જીવનશૈલી છે. એટલે જ ગાંધીજીના જન્મદિવસને ''અહિંસા દિવસ'' તરીકે ઉજવવાનું જગતની અગ્રણી સંસ્થા યુનેસ્કોને સૂઝે છે.

વ્યક્તિગત રીતે ભલા, ઉદાર, પૂજાપાઠ કરનારા લાખો લોકો આ દેશમાં હતા જ, છતાં દેશ હાર્યો. કારણ કે સદ્‌ગુણોનું સામાજિકરણ નહોતું થતું. એટલે વ્યક્તિ જીવન અને સામાજિક કર્તવ્યો વચ્ચે વિરોધ કે વિસંવાદ હતો. ગાંધીજીનું મહાન પ્રદાન એ છે કે તેમણે દેશને સદ્‌ગુણોનું સામાજિકીકરણ કરવા પ્રેર્યો. સ્વરાજ પછી એ ભૂલ્યા તેથી અનેક વિષમ પ્રશ્નોથી દેશ પીડાઈ રહ્યો છે.

એટલે કે વ્રતનિષ્ઠ જીવનનો પ્રારંભ પોતાનાથી જ કરવાનો છે. આપણે ગાંધીજીને ભૂલીને ગમે તેટલા તોરમાં ફરીએ પણ જગતના પ્રશ્નો સહિયારા બન્યા હોવાથી જાગ્યા ત્યાંથી પાછા વળવું પડશે. આ માત્ર આધ્યાત્મિક માણસો માટેની નહિ, મનુષ્યમાત્ર માટેની આ આવશ્યક્તા છે. તો ભ્રાતૃભાવભર્યો, ન્યાયી, સંવાદી સમાજ રચી શકાશે. એવો સમાજ અહિંસક ગણાય. એ માટે મનુષ્યની ભીતરના પરિવર્તનની આવશ્યક્તા છે.

આપણે સ્વાર્થ અને લોભના સીમાડાઓ રચીએ છીએ એટલે પ્રશ્નો વિકરાળ બન્યા છે. ગાંધીવિચારનો આધાર લઈશું તો વાજબી રસ્તા અવશ્ય સૂઝશે, જીવનની અખંડતા અને સમગ્રતાને પામી શકીશું. એને હૃદયપૂર્વક અપનાવશું તો પ્રતીતિ થશે કે ગાંધીવિચારનાં મૂળતત્ત્વો ચિરંજીવી છે, વૈશ્વિક છે. સર્વોદય પૃથ્વી ઉપર ઊતરી શકે છે. માનવીની સમૂળી ક્રાંતિ શક્ય છે.

(સાબરમતી આશ્રમમાં પ્રાર્થના પછી કહેવાયું,
૨, ઓક્ટોબર, ૨૦૧૨)

# શ્રદ્ધેય સારથી

- ઈશ્વર પરમાર

જામનગરની એક સ્પોર્ટ્સ ક્લબની તે વખતમાં લૉટરી નીકળતી. કાવસજી માસ્તર તેની એક રૂપિયાવાળી ટિકિટ વેચીને કમિશન કમાતા. શિક્ષકની દોડ શાળા લગીની! આ શિક્ષક તેમના વિદ્યાર્થીઓને પરાણે ટિકિટ પકડાવે. એકવાર કહે : ''તારે આ ટિકિટ લેવાની છે; તને કહું છું, બુચ. આ લે ને રૂપિયો લાવ.''

''મારા દાદા ના પાડે છે.''

''હું કહું છું ને રૂપિયો લાવ.''

''પણ અમે લૉટરીમાં માનતા નથી.''

''માનવા ન માનવાની વાત ન કર. ઘેર જા રૂપિયો લાવ. તને કહું છું. તે વિના આવતો જ નહીં.''

એ કિશોર-વિદ્યાર્થીએ ઘેર જઇને કહ્યું : ''મેં રૂપિયો ન આપ્યો તેથી કાવસજી માસ્તરે મને કાઢી મૂક્યો છે.''

નાછૂટકે દાદાએ રૂપિયો તો આપ્યો; પરંતુ બીજે દિવસે સવારે છ વાગ્યામાં હેડમાસ્તર મણિશંકર અંબાશંકર રાવળ પાસે જઈ પહોંચ્યા : ''તમારા માસ્તરે મારા દીકરાને કાઢી મૂક્યો. આ ખોટું કે'વાય. આમ છોકરાં પાસે પૈસા લેવાતા હશે?''

અગિયાર વાગ્યે તે કિશોર નિશાળે ગયો. કાવસજીએ ક્લાસમાં કટાક્ષ કર્યો : ''બુચ્સ ફાધર ઈઝ ટૂ પુઅર ટુ ગિવ ઈવન એ રૂપી! લે ઠક્કર, ત્યારે હવે તું આ ટિકિટ લઈ લે.''

કિશોરને કાળજે આ કટાક્ષ વાગ્યો : શિક્ષક આવું બોલે? આવું કરે?

- તે પછીના અંગ્રેજીના પિરિયડમાં શિક્ષક ડી. કે. કારખાનીએ એક કરુણ કવિતા એવી ઢબે ભણાવી કે આખા વર્ગની આંખો ભીની થઈ! આ શિક્ષક ફ્રી-પિરિયડમાં પૂછવા આવે તે વિદ્યાર્થીને સમજાવે; એટલું જ નહીં, કોઈ એમને ઘેર પહોંચે તો પણ ભણાવે - મફત!

આમ સારા-નરસા શિક્ષકોના અનુભવો થતા રહ્યા અને કિશોર મટીને તરુણ-યુવાન વયે પહોંચેલા તેના મનમાં કોતરાઈ ગયું : 'સારા, શિક્ષક જ સારા શિક્ષક ઘડી શકે.'

શિક્ષક-ઘડતરનો સ્વધર્મ આ યુવાન પાસે સરી આવ્યો. એની ધર્મ-નિષ્ઠાનાં અજવાળાં ગુજરાત અને ભારતમાં જ નહીં, વિદેશોમાં પણ પથરાયાં. શિક્ષણ સંશોધનક્ષેત્રે જે શ્રદ્ધેય સારથી મનાયા તે આ પરમ શિક્ષક ડૉ. એમ. બી. બુચને - મધુભાઈને સલામ! આઠ દાયકાની એમની અજવાળી આવરદાને કોઈ અંધારું ઓઢાડી શકશે નહીં!

સને ૧૯૧૭ની નવમી ઑક્ટોબરે માંડલે (બર્મા) મુકામે જન્મેલા મધુભાઈના પિતાજી ભગવાનલાલ સખત કામ કરીને ધાર્યું ફળ મેળવવામાં વિશ્વાસ રાખતા. માતા જશુમતી કદી ગુસ્સે ન થનારાં ને ભારે ખંતીલાં. આવા માવતરનો પુત્ર મધમાખીના જેવા ઉંમગ અને ઉદ્યમથી, કેળવણીના કાનનમાંથી મધનો સંચય કરે અને વહેંચે તેમાં શી નવાઈ?

શિક્ષણક્ષેત્રનાં મધની જાત-ભાત જાણતા તે મધુભાઈનું પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ રંગૂન (બર્મા) અને પછી જામનગરમાં થયું. સને ૧૯૩૩માં જામનગર છોડીને લીંબડી આવ્યા. અહીંની સર જશવંતસિંહ હાઈસ્કૂલમાં એમની વિદ્યાકીય તેજસ્વિતા ખીલવા માંડી. તેઓ અઢાર વર્ષની વયે મૅટ્રિકની પરીક્ષામાં પાસ થયા. (૧૯૩૫)

પિતાજીની આર્થિક સ્થિતિ એવી નહીં કે પોતાનાં બાળકોને સાહબી સાથે ભણાવે. મધુને ભાવનગર ભણવા માટે મોકલ્યો. અહીં તેના મોટાભાઈ ભણતા જ હતા. આ બંને ભાઈઓને પિતાજી મહિને આઠ રૂપિયા મોકલી શકતા. આટલી રકમમાં, તે કાળમાં, બંને ભાઈઓ તાગડધિન્ના કરતા! જમવાનો ખર્ચ મહિને બે રૂપિયા, રવિવારની સાંજે જમે નહીં ને બે આના ખરચીને ફાંકડી લાગે તે ફિલમ જુએ!

સિનિયર બી.એસસી.ના વર્ષમાં મધુભાઇ ભાવનગરથી વડોદરા આવ્યા. (૧૯૩૯) મુંબઇ યુનિવર્સિટીની બી.એસસી.ની પરીક્ષામાં પ્રથમ વર્ગ ડિસ્ટિંક્શન સાથે પાસ થયા. (૧૯૪૦) યુનિવર્સિટીમાં બીજા ક્રમે પાસ થયા હતા. આ પછી એક વર્ષ દક્ષિણા ફેલો સ્કૉલરશિપ કરી.

સને ૧૯૪૨-’૪૮ના ગાળામાં થયેલ સ્વાતંત્ર્ય-આંદોલનથી મધુભાઇ આંદોલિત થતા રહ્યા. તે સમયમાં પ્રચલિત ચિતાગોંગના ચળવળિયાઓમાં એક મધુભાઇ પણ ખરા. કૉલેજમાં હતા તે દરમિયાન સમાજના દીન-હીન અને શોષિત વર્ગ માટેની સહાનુભૂતિ તેમને રાજકરણના ક્ષેત્રમાં ખેંચી ગઇ. વિક્ટર હ્યુગોની પ્રસિદ્ધ નવલકથા ‘લા મિઝરેબલ’ની તેમના પર ઊંડી અસર થઇ. શ્રીમંત સગાં-સંબંધીઓ દ્વારા પોતાના ગરીબ પિતાની થતી રહેલી ઉપેક્ષા તારુણ્યવયથી જ તેમના અંતર પર ઉઝરડા પાડતી રહેલી. ગરીબી નામની લાચારીનો ઉકેલ શોધતાં મધુભાઇ બુચ સામ્યવાદ તરફ આકર્ષાયા. એમણે મેક્સિમ ગોર્કીને વાંચ્યા. કાર્લ માર્ક્સની સમાજવાદી ફિલસૂફીનો અભ્યાસ કર્યો. તેમના વિચાર-પ્રચાર અને કાર્યક્રમોમાં ગૂંથાઇ ગયા.

ક્યારેક મૂઠીક દાળિયા તો ક્યારેક કોઇ ગરીબ ખેડુ સાથે ખીચડી-છાશ : આવું તેવું ખાઇને ખેડા જિલ્લાના મિલમજૂરો, ખેડૂતો, બીડી બનાવતા કારીગરો અને રેલવેના કામદારો વચ્ચે ભટકતા રહે. તેમને સંગઠિત થવા સમજાવે. થતા સિતમ કે શોષણનો ભોગ ન થાય તે માટે સજાગ રહેવાનું કહ્યા કરે.

આ ગાળામાં ઉમેટા અને બામણગોરના ખેતમજૂરોએ ઉશ્કેરાઇ જઈને માલદાર ખેડૂતોનો ઊભો પાક સળગાવ્યો. (૧૯૪૭) આ વખતે દેશને આઝાદી મળી ચૂકી હતી. મુંબઈની દ્વિભાષી સરકારે સામ્યવાદી ચળવળોને દાબી દેવાનો નિર્ધાર કર્યો હતો. સરકારના કપરા કડપને લીધે કેટલાક કોમરેડ્સ ભોંભીતર થઇ ગયા તો કેટલાક જેલ ભેગા થયા. પેલી ઉમેટા-બામણગોરની ઘટના માટે મધુભાઈને જવાબદાર ઠેરવાયા અને એપ્રિલ, '૪૮માં તેમને કેદ કરવામાં આવ્યા.

ગુજરાતી સામ્યવાદીઓને સાબરમતી જેલ (અમદાવાદ)માં રાખવામાં આવેલા. કેદી મધુભાઇ બુચે કેદખાનામાં ઓગણીસ માસના વાસ દરમિયાન, મેળ પાડીને ગમતાં પુસ્તકો મેળવ્યાં. ખૂબ વાંચ્યું, વિચાર્યું અને તારવ્યું કેઃ

સમાજ-પરિવર્તન માટેનું ખરું માધ્યમ તો કેળવણી જ છે. સપ્ટેમ્બર '૪૯માં કેદમાંથી બહાર આવીને તેમણે સામ્યવાદી કચેરીનો રાહ ન લીધો. આ શિક્ષિત ગરીબ યુવાને વિદ્યામંદિર ભણી જવા માટે કેડી શોધવા માંડી.

મન હતું તેથી માળવે જવાયું. ઘોડા હાઇસ્કૂલ તરીકે જાણીતી નડિયાદ મુકામેની ન્યૂ ઇંગ્લિશ સ્કૂલમાં નવેમ્બર '૪૯થી વિજ્ઞાન-શિક્ષક તરીકે જોડાયા.

શિક્ષક તરીકેની તાલીમ લીધેલા વિનાના મધુભાઇ બુચનો આદર્શ, લૉટરીની ટિકિટ વેચતા પેલા કાવસજી માસ્તર નહીં, વહાલ સાથે વિદ્યા વહેંચતા કારખાની સાહેબ હતા. તેઓ સવારની તેમજ બપોરની એમ બે પાળીમાં ભણાવતા. ફ્રી-પિરિયડમાં તેઓ ફ્રી ન હોય. રિસેસમાં કૉમનરૂમમાં ન હોય, લૅબોરેટરીમાં હોય. શાળા-સમય પછી પણ જિજ્ઞાસુ વિદ્યાર્થીઓથી શિક્ષક મધુભાઇ બુચ વિંટળાયેલા રહેતા.

શાળામાં એકવાર ઇન્સ્પેક્શન માટે મિસ પોલ આવ્યાં. તેઓ ભારે કડક મિજાજનાં મનાતાં. એમણે અન-ટ્રેઇન્ડ ટીચર મિ. એમ. બી. બુચના પિરિયડનું ઇન્સ્પેક્શન કર્યું. એમણે જોયું કે વિજ્ઞાનની કોઈ સારી ને સંપન્ન કૉલેજમાં થતું હોય તેટલું વ્યવસ્થિત ને વ્યક્તિગત રીતે પ્રાયોગિક કાર્ય શાંતિથી થઇ રહ્યું હતું. વિજ્ઞાન શિક્ષકની દક્ષતા દેખીને તેઓ રાજી થયા. એમણે તે શિક્ષકના પગારમાં બે ઇજાફા વધારી આપવાની ભલામણ કરી!

આ એકલરામ વિજ્ઞાનશિક્ષક વિજ્ઞાન-ગણિતમાં અપૂરતી સમજ ધરાવતા વિદ્યાર્થીઓ માટે મફત વર્ગ ચલાવે. એમની ઓરડીએ કેટલાક વિદ્યાર્થીઓ અવારનવાર જિજ્ઞાસાપૂર્વક આવતા રહે. તેમાંથી દસ વિદ્યાર્થીઓની પસંદગી કરીને બુચસાહેબે કેળવણીનું કૉમ્યુન રચ્યું. આ પસંદિત વિદ્યાર્થીઓ રાતે એમની પાસે ભણે; ત્યાં જ સુએ, સવારેય ભણે, દિવસે નિશાળ પછી પાછા રાતે કૉમ્યુનમાં આવે ત્યારે બુચસર માટે વારાફરતી ટિફિન પણ લાવે! એ વરસે ચરોતરમાં એસ.એસ.સી.માં પ્રથમ ક્રમે

જે દસ વિદ્યાર્થીઓ ઉત્તીર્ણ થયા હતા તે દસેય મધુભાઇ બુચના કૉમ્યુનના અંતેવાસી વિદ્યાર્થીઓ હતા! એ દસેયમાં પ્રથમ આવનાર વિદ્યાર્થીને બુચ મધુભાઇએ ઇનામમાં આપ્યો - રેડિયો!

વિદ્યાર્થીઓ માટેનો પ્રેમ મધુભાઇને શિક્ષણક્ષેત્રે જ કારકિર્દી કરવા મજબૂર કરી રહ્યો. પાંચ વર્ષ પછી એમણે શિક્ષક તરીકેની તાલીમ લેવાનું બી.એડ્. થવાનું નક્કી કર્યું. આ માટે તેઓ વડોદરા ગયા. (૧૯૫૪)

પૂરતી શૈક્ષણિક યોગ્યતા હોવા છતાં એમ.એસ. યુનિવર્સિટીના બી.એડ્. વર્ગમાં સહેલાઈથી પ્રવેશ ન મળ્યો. તેઓ કોઈ એક કાળે રાજકારણી હતા ને તેથી! ટ્રેઇન્ડ ટીચર થવા આતુર મધુભાઇ તો સીધા ડીન-પ્રોફેસર ડૉ. ટી. કે. એન. મેનન પાસે પહોંચી ગયા. ડીનશ્રીએ પૂછ્યું : ''ઠીક છે તમારી વાત; પરંતુ તમારું ક્વોલિફિકેશન શું છે?''

''બી.એસસી. ફર્સ્ટ ક્લાસ-ડિસ્ટિંક્શન.''

''સબ્જેક્ટસ?''

''ફિઝિક્સ-કેમેસ્ટ્રી''

''આવી લાયકાતવાળો શિક્ષણમાં ક્યાં આવે છે? તેઓ તો ઇન્ડસ્ટ્રીમાં જાય છે. તમે ખુશીથી બી.એડ્. કરો. બી એ ગુડ ટીચર. આગળ જતાં શિક્ષણની ખૂબ સેવા કરો.''

ડીનશ્રી મેનન ઉપરાંત પ્રો. એસ. એન. મુખર્જી અને પ્રો. એમ. એસ. પટેલથી પણ તાલીમાર્થી મધુભાઇ બુચ પ્રેરણા અને પ્રોત્સાહન પામ્યા. તેઓ બી.એડ્.માં પ્રથમ વર્ગમાં પ્રથમ ક્રમે ઉત્તીર્ણ થયા. (૧૯૫૫)

આ પછી તરત બસો રૂપિયાના ઊંચા પગારવાળી નોકરીની દરખાસ્ત કોન્વેન્ટ સ્કૂલ, વડોદરાના મધર તરફથી આવી. પરંતુ આ અભ્યાસપ્રેમી ને ઉત્સાહી યુવાને તેમાં લલચાયા વગર દોઢસો રૂપિયાના પગારથી રિસર્ચ ફેલો તરીકે યુનિવર્સિટીમાં જોડાવાનું પસંદ કર્યું. સાથોસાથ, એમ.એડ્.નો અભ્યાસ કર્યો. આ પદવી પણ મધુભાઈ બુચે પ્રથમ વર્ગમાં પ્રથમ ક્રમે પ્રાપ્ત કરી. (૧૯૫૭) આકાશને ક્યાં સીમા છે? તેઓ પીએચ.ડી.થયા. (૧૯૬૦) એમના મહાનિબંધનો વિષય હતો : એ ટેસ્ટ ઑફ સોશ્યલ ઇન્ટેલિજન્સ.

સને ૧૯૫૯માં મધુભાઇ બુચ વડોદરાથી વલ્લભવિદ્યાનગર આવ્યા. અહીં તે જ વર્ષે કૉલેજ ઑફ એજ્યુકેશન શરૂ થઈ હતી. તેમાં તેઓ લેક્ચરર તરીકે જોડાયા. તે કૉલેજના પ્રિન્સિપાલ ઇશ્વરભાઈ પટેલ ચાર માસ પછી અમેરિકા ગયા. ત્યારે બે વર્ષ લગી આચાર્ય તરીકે મધુભાઇએ સક્ષમ સેવાઓ આપી. આમ, તેમની ઉચ્ચ શિક્ષણક્ષેત્રે કારકિર્દી તો જીવનની ચાલીસી પછી શરૂ થઈ પરંતુ તે પછીના ત્રણ દાયકા સુધીમાં તો દાળની સાથે ભાત બોલાય તેમ સંશોધન કહેતાં કે સાંભળવાની સાથે ડૉ. એમ.બી. બુચ બોલાઈ જવાય એવો સમાસ રચાઇ ગયો ને સ્વીકારાઇ પણ ગયો!

તેઓ વલ્લભવિદ્યાનગરમાં હતા તે ગાળામાં

દિલ્લીમાં ડાયરેક્ટર ઑફ એક્સ્ટેન્શન પ્રોગ્રામ્સ ફોર સેકન્ડરી એજ્યુકેશન (ડેપ્સે)ની રચના થઇ. તેના ડેપ્યુટી ડાયરેક્ટર તરીકેની જવાબદારી સંભાળવા માટે મધુભાઇને આમંત્રણ મળ્યું. આ પડકાર સ્વીકારવાને દિલ્હી જવા અંગે તેઓ અવઢવમાં હતા ત્યારે તે વખતના વાઇસ ચાન્સેલર શ્રી બાબુભાઈ જશભાઇ પટેલે કહ્યું : ''મધુભાઇ, ગુજરાતના માણસો દિલ્હીમાં ઓછા છે માટે તમે ના ન પાડતા. હા, જ્યારે ગુજરાતને જરૂર પડે ત્યારે પાછા આવી જજો!''

સને ૧૯૬૨માં મધુભાઇ દિલ્હી ખાતે એન.સી.ઇ.આર.ટી.માં જોડાઇ ગયા અને જોતજોતમાં રાષ્ટ્ર કક્ષાને શિક્ષણપ્રવાહમાં છવાઇ ગયા. આ સ્થળેથી એમણે ત્રણ વિભાગોના વડા તરીકે યાદગાર સેવાઓ આપી : ડિપાર્ટમેન્ટ ઑફ એજ્યુકેશનલ સર્વે, એડમિનિસ્ટ્રેશન અને ફિલ્ડ વર્ક. તેમણે સામયિક ટીચર એજ્યુકેશનના તંત્રી તરીકે પણ સેવાઓ આપી. પોતાના કર્તવ્યના પાલન માટે સજાગ એવા કે સોંપાયેલ કામ નિર્ધારિત સમયમાં પૂરું ન કરી શકે તો, બીજા તો કશું ન કહે પણ પોતાને માનહાનિ જેવું લાગે!

એ વખતમાં શૈક્ષણિક સંશોધનો અંગેની માહિતી મળવાની બાબતમાં અરાજકતા પ્રવર્તતી હતી. તેથી શિક્ષણનાં કેટલાંક ક્ષેત્રોમાં સંશોધનો બેવડાતાં હતાં, કેટલાંક ક્ષેત્રો ઉપેક્ષિત રહેતાં હતાં તો ક્યારેક એકનું એક સંશોધન પુનઃ થવા પામતું હતું!

'અંધારા'ને ભાંડવાને બદલે જાતે દીવો પેટાવવો સારો - આ ભાવનાથી પ્રેરાઇને મધુભાઇએ એકલે હાથે સર્વે યુનિટ શરૂ કર્યું. હેતુ : ભારત કક્ષાએ શૈક્ષણિક સંશોધનોનું સર્વેક્ષણ. આ પહેલાં આ પ્રકારનું સર્વેક્ષણ કરવાનું હાથ તો ધરાયું હતું પણ હૈયાના સાથ વિનાના હાથની શી વિસાત?

મધુભાઇએ તો હાથને હૈયાનો સાથ આપીને યુદ્ધના ધોરણે કાર્યવાહી શરૂ કરી દીધી. પોતે મિઝોરમ, મણિપુર, ત્રિપુરા ને નાગાલૅન્ડ જેવા વિસ્તારમાં ઘૂમી વળ્યા. મેઘાલય, મનાલી ને આસામમાં તજ્જ્ઞોને મોકલ્યા. લક્ષદીપ અને આંદમાનથી વાયરલેસ દ્વારા ડેટા મેળવ્યો! આ બાબતે સ્વેચ્છાએ શ્રમ અને સમયનો ભોગ આપવા તત્પર અધ્યાપકોનો સાથ મેળવવામાં સફળતા મળી. માત્ર બે વર્ષના ગાળામાં તો એમણે છપાયેલો અહેવાલ પ્લાનિંગ કમિશનને સુપરત કરીને સૌને દંગ કરી દીધા. નિવૃત્તિ પછી, આ એકલવીરે, આર્થિક ખેંચ ને ટાંચાં સાધનો છતાં સંશોધનપ્રેમી અધ્યાપકોના સહકારથી એજ્યુકેશનલ સર્વેનો બીજો ભાગ પ્રકાશિત કર્યો. (૧૯૭૮) તેમની વિનંતીથી, તે પછી ત્રીજો-ચોથો ભાગ અનુક્રમે ૧૯૮૬ને ૧૯૯૨માં એન.સી.ઈ.આર.ટી. દ્વારા પ્રકાશિત થયો. પાંચમા ભાગ માટેની તૈયારીઓ, શૈક્ષણિક સંશોધનક્ષેત્રે આ એક અભૂતપૂર્વ પ્રદાન હાથ ધરેલ કામ ક્ષતિરહિત ને પૂર્ણ થાય

તે માટે ચીવટ ધરાવતા મધુભાઈએ ભારતના શિક્ષણ સંબંધી પરદેશીઓ દ્વારા હાથ ધરાયેલા ૩૦૦ જેટલાં શૈક્ષણિક સંશોધનોની હકીકતો મેળવીને તેની પ્રવિધિ-તારણો પણ સંશોધકોને સુલભ કરી આપ્યાં.

શાળેય વ્યવહારો સાથે સંશોધનોનાં તારણો વણાય તે જોવા માટે મધુભાઇ ખૂબ ઉત્સુક અને તેથી પ્રવૃત્ત રહેતા. એન.સી.ઇ.આર.ટી.ના અન્વયે એક વખત સેકન્ડરી સ્કૂલ એજ્યુકેશન માટે સેમ્પલ સર્વે કરવાનો હતો. આ માટે અન્ય તજ્જ્ઞોએ બે વર્ષની અવધિ અંદાજી. આ કામ ડૉ. એમ. બી. બુચે એક માસમાં કરી બતાવ્યું! આ માટે એમણે દોઢસો યુવાનો દસ દિવસમાં બે હજાર શાળાઓમાં જઈને જરૂરી 'ડેટા' લાવે તેવું સફળ આયોજન કર્યું; ડેટા-કલેકશન પછી, પોતે સતત વીસ દિવસ લખતા રહીને એક માસમાં અહેવાલ સોંપી દીધો!

શિક્ષણ અને સંશોધનની કામગીરીના અનુસંધાને તેમણે ઇંગ્લેન્ડ, અમેરિકા, રશિયાની મુલાકાતો લીધી હતી. જાપાન, કોરિયા, ઇન્ડોનેશિયા, ફિલિપિન્સ, શ્રીલંકા, નેપાળ, થાઈલૅન્ડ ને સિંગાપુરમાં શિક્ષક-પ્રશિક્ષણ અંગે પ્રત્યક્ષ માર્ગદર્શન આપ્યું હતું. બંગાળની કલ્યાણી યુનિવર્સિટીએ તેમની સેવાઓ અને પ્રદાનને લક્ષમાં લઇને એમને ડી.એસસી. (ડૉક્ટર ઑફ સાયન્સ)ની માનદ્ પદવી એનાયત કરી હતી.

દિલ્હીથી વડોદરા આવેલા ડૉ. એમ. બી. બુચે એમ. એસ. યુનિવર્સિટી વડોદરામાં સેન્ટર ઑફ એડવાન્સ સ્ટડી (કેઇસ)નું સંચાલન આઠ વર્ષ (૧૯૬૯-'૭૭) કર્યું. નિવૃત્ત પણ અહીંથી થયા.

એક દાયકાથી પણ ઓછા સમયગાળા દરમિયાન તેમની રાહબારી નીચે 'કેઇસ' શૈક્ષણિક સંશોધકો માટે કલ્પવૃક્ષ બની રહ્યું. તેને આંતરરાષ્ટ્રીય ખ્યાતિ મળી. ડૉ. બુચ તો દિવસ-રાત પુસ્તકાલય ખુલ્લું રખાવતા. કોઈએ કહ્યું : ''બુચસાહેબ, પુસ્તકો ચોરાઇ જશે.''

''પુસ્તકો જ ચોરાશે ને? તોય એ વંચાશે, વેચાશે નહીં.''

જો કે છેવટે બસો જેટલાં પુસ્તકો ખૂટ્યાંય ખરાં જે જવાબદારી બુચસાહેબે જ લેવી રહી!

ટીચર-એજ્યુકેશનના સલાહકાર તરીકે યુનેસ્કોમાં સેવા આપી ચૂકેલા ડૉ. એમ. બી. બુચે જિજ્ઞાસુઓને શિક્ષણના સાંપ્રત પ્રવાહોથી વાકેફ કરતા રહેવા 'પર્સપેક્ટિવ ઇન એજયુકેશન', 'વિજ્ઞાનદર્શન' અને 'ગણિતદર્શન' જેવા સામયિકો શરૂ કરાવ્યાં. બાળકો માટેનું સામયિક 'બાલમસ્તી' ત્રણ વર્ષથી વધુ ન ચાલ્યું. તે અંગે અફસોસ કરતાં મધુભાઇએ કહેલું : ''અમારાથી બાળકક્ષા લગી ઉતરાયું નહીં!''

સંપર્કમાં આવેલ વ્યક્તિનું નામ, સંબંધિત ઘટના, શિક્ષણ ને સંશોધન વિષયક છેલ્લા આંકડા, નોંધપાત્ર તારીખ - આવું બધું મધુભાઇ જરૂર પડ્યે તરત યાદ કરી શકતા.

નિવૃત્તિ પછી પણ કેટલાક સર્વે અને પ્રોજેક્ટ્સ પરિપૂર્ણ કરનાર મધુભાઇએ સુરત, અમદાવાદ (ગૂજરાત વિદ્યાપીઠ), મદ્રાસ અને મેઘાલય એમ પાંચ યુનિવર્સિટીઓમાં અપેક્ષિત સેવાઓ આપી. કલીકટ, ઇંદોર, અને અલ્હાબાદના આમંત્રણને સાભાર નકારવું પડ્યું; હા, ઈંદોર મુકામે સાઠ જેટલાં સંશોધનોનું પૃથક્કરણ કરીને સર્જનશીલતાના વિકાસ અંગેનું એક ઉપયોગી રેફરન્સ-પેમ્ફલેટ તૈયાર કરાવી આપ્યું. એમણે આગાખાન ટ્રસ્ટ (જિનિવા) વતી મુસ્લિમ સ્કૂલ સર્વે કર્યો હતો. (૧૯૯૦) એમણે તે પછી ગ્રામ્ય વિસ્તારમાં આવેલી પ્રાથમિક શાળાઓનું સર્વેક્ષણ યુનિસેફ વતી કર્યું હતું. (૧૯૯૨) પોતાના પંચોતેરમા જન્મદિવસે ગુજરાત કાઉન્સિલ ફોર એજ્યુકેશનલ એડમિનિસ્ટ્રેશનનો પ્રથમ અંક પણ પ્રકાશિત કર્યો. આ પ્રવૃત્તિના સ્થાપક અને અધ્યક્ષ હતા.

નિવૃત્તિ પછી એમણે 'સમષ્ટિ', 'સોસાયટી ફોર એજ્યુકેશન રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ' અને 'ઇન્ડિયન સોસાયટી ફોર કન્ટિન્યુઇંગ એજ્યુકેશન ફોર વર્કર્સ' - આ ત્રણ સંસ્થાઓનું સુકાનીપદ સંભાળ્યું હતું. તેમના માર્ગદર્શન નીચે સેંકડો સંશોધકોએ શિક્ષણ વિદ્યાશાખાની પીએચ.ડી.ની પદવીઓ મેળવી હતી.

મિસિસ બુચ - શ્રીમતી પિલુબહેનની સારસંભાળ નીચે મધુભાઇ વ્હીલ ચેરમાં બેસીને હરફર કરતા અને દિવસના આઠ-દસ કલાકનું ટેબલ-વર્ક કરતા રહેતા.

નોકરીમાંથી નિવૃત્ત થયા પછી પંદર વર્ષ વીતી ગયાં છતાં પણ વડોદરા યુનિવર્સિટીએ ડૉ. એમ. બી. બુચનો અમૃત મહોત્સવ (૧૯૯૨) ઊજવ્યો આ પણ એક ગૌરવવંતી ને વિરલ ઘટના નથી શું?

માનવીય સંબંધોના આશક મધુભાઇ આગંતુકને ઉમળકાભેર આવકારતાં. અંતિમ શ્વાસ લગી શિક્ષણ-સવિશેષ સંશોધન અંગે કશુંક ને કશુંક કરતા રહેવાનો અભિલાષા સેવતા આ મહાન શિક્ષકને મળતા જતાં, એમનો સમય ચોરવાની ચેષ્ટા કરતાં સંકોચ તો થતો હતો પરંતુ ખૂબ આભાર ડૉ. ગુણવંતભાઇ શાહનો! એમણે મને હિંમત અને વિશ્વાસ આપીને ડૉ. બુચને મળવા જવાનું સૂચવતાં કહ્યું, ''મને પછી, પહેલાં એમને જરૂર મળો. તેઓ શિક્ષણક્ષેત્રની એક અદ્ભુત હસ્તી છે. તમને આવકારવાનું એમનેય ગમશે.''

વડોદરાના ગોત્રી રોડ પરના એમના નિવાસે તા. ૮ અને ૧૧મી એપ્રિલ, ૧૯૯૩ના દિવસોએ લીધેલી એમની મુલાકાત આજેય કેટલી પ્રેક અને પથદર્શક રહી છે!

''નમસ્કાર, મુરબ્બી મધુભાઇ, આપની કઇ જીવનભાવના આપને હજુ તાજા અને કાર્યરત રાખે છે?''

''ફેઇથ ઇન ધ ટીચર્સ ઍન્ડ લવ ટુ ધ સ્ટુડન્ટસ. હું બીજાઓ કરતાં મારા વિદ્યાર્થીઓ પાસેથી વધુ શીખ્યો છું. હવે તો શરીર થાક્યું;

નહીંતર નિવૃત્તિ પહેલાં ધમધોકાર પ્રવૃત્તિઓ વચ્ચે જ્યારે ધારી નીપજ ન થતાં નિરાશા થાય ત્યારે હું શહેરની કેટલીક શાળાઓમાં પહોંચી જતો. શિક્ષકો સાથે વાતો કરતો. આથી તાજગી મળી જતી. આજેય, તેઓ આવે છે, મળે છે ત્યારે સંતોષ ને આનંદ થાય છે.'

''તો તે શિક્ષકોની આપના પર સારી છાપ પડી જણાય છે!''

''નો....નો... હું જાણું છું બીજા શિક્ષકો અંગે. તેમના પર ગુસ્સો પણ આવે છે. સસ્તી લોકપ્રિયતા, ટ્યુશન, પરીક્ષામાં ગોલમાલ, સસ્તામાં પૈસા કમાવા -આવું માંડ્યું છે એમણે!''

''આ સંજોગોમાં શિક્ષણની ગુણવત્તા જળવાવાને બદલે નીચે ઊતરે જ ને?''

''તો પણ નિરાશ થઈને લમણે હાથ દેવો તે બરાબર નથી, આપણે તો નિષ્ફળતાઓમાંથી કેમ શીખવું તે શીખવા જેવું છે.''

''આપણે ત્યાં શિક્ષણક્ષેત્રે થયેલાં સંશોધનોની અસરકારકતા કેવી રહી છે? આપનો પ્રતિભાવ?''

''ભારતમાં છ હજારથી વધુ સંશોધનો થયાં છે; પણ આ સંશોધનોથી ભાગ્યે જ કોઈને ફાયદો થયો છે. સંશોધનો વ્યવહાર કે નીતિ પર અસર પાડી શક્યાં નથી. શિક્ષણની નવી નીતિ કરી તે પહેલાં ચાર-પાંચ હજાર સંશોધનો થયાં હતાં તે જોવાવાં જોઈતાં હતાં, તે જોવાયાં નથી.''

''તો તો સંશોધનોના મહાનિબંધોથી પુસ્તકાલયોની શોભા વધી; એટલું જ ને?''

''સાચું છે. વી આર પ્રોબ્લેમ બ્લાઈન્ડેડ. પરિણામે ગમે તે સંશોધન હાથ ધરાય છે. વર્તમાન પરિસ્થિતિને લક્ષમાં લીધા વિના ફાવે તે રિસર્ચ હાથ ધરાય છે.''

''ફાવે તે, બે અર્થોમાંથી આપ કયા અર્થમાં કહો છો?''

''ઈન બોથ સેન્સીઝ!''

''આપની દૃષ્ટિએ કેવાં સંશોધનોની આજે જરૂર છે?''

''પ્રાથમિક શિક્ષણના પ્રશ્નો, વેસ્ટેજ એન્ડ સ્ટેગ્નેશન, વાચનશક્તિનો વિકાસ; કારણ કે આગળ જતાં આ વિકાસ ખૂબ કામ લાગનાર છે. મારા મતે તો શાળામાં સ્પેશ્યલ રીડિંગ-ટીચર રખાવો જોઈએ.''

''શિક્ષક-પ્રશિક્ષણ માટેની હાલની વ્યવસ્થા અંગે આપનું કોઈ વિશેષ સૂચન ખરું?''

''ચોક્કસ. મને એમ લાગે છે કે યુનિવર્સિટીઓએ શિક્ષક-પ્રશિક્ષણ અંગેની જવાબદારીમાંથી મુક્ત થવું જોઈએ. ટ્રેઈનિંગ કૉલેજો ચલાવવાનું કામ સ્વાયત્ત સ્વતંત્ર સંસ્થાઓ દ્વારા થવું જોઈએ અને રાષ્ટ્રીય કક્ષાએ નેશનલ કાઉન્સિલ ઑફ ટીચર એજ્યુકેશન જેવી સંસ્થાએ એક્રેડિટિંગ એજન્સી તરીકે કામ કરવું જોઈએ.''

''શિક્ષણક્ષેત્રે સુધારણા જ નહીં, વિકાસ

(અનુસંધાન પૃષ્ઠ ૨૮ ઉપર)

# ભુવનગિરિમાં ગીતાનું દર્શન

- કાકાસાહેબ કાલેલકર

કાઝીપેટથી અમે નિઝામ હૈદરાબાદ તરફ જતા હતા. રસ્તામાં ડાબી બાજુ પર એક મોટી ટેકરી નજરે પડી. હિંદુસ્તાનમાં ટેકરીઓની અછત નથી, પણ આ ટેકરીએ વિશેષ ધ્યાન ખેંચ્યું. એક જ અને ગોળમટોળ પથરાની બનેલી એ ટેકરી હતી. એના ઉપર કાંઈક મંદિર હશે.

પથરો જોયો એટલે એના ઉપર પ્રહાર કરી એના કકડા લઈ જવાનું માણસજાતને સૂઝવાનું જ. પણ આ ટેકરીનો પથરો એટલો તો ગોળમટોળ અને લીસો છે કે રૂપાળા અને પ્રસન્નમુખ બાળકને ચૂંટી ખણવાનું જેમ કોઈને ગમે નહીં તેમ આ ટેકરી ઉપર કોશ ચલાવવાનું કોઈને ગમ્યું નહીં હોય. એટલે આ ટેકરી પ્રકૃતિમાતાએ જેવી બનાવી તેવી જ ઊભી છે. ટેકરીને ધ્યાનપૂર્વક નિહાળવા જતો હતો એટલામાં સ્ટેશન આવ્યું ભોંગીર. તેલુગુ લિપિમાં કોતરેલું નામ પ્રયત્નથી વાંચતાં આનંદ થયો, કેમ કે તેમ કરતાં ખબર પડી કે મૂળ નામ ભુવનગિરિ છે. આટલું રૂપાળું નામ છોડી માણસે શા માટે એનું ભૂંડું ભોંગીર કરી નાખ્યું હશે! હશે, ટેકરીની પણ એવી દુર્દશા ન કરી મૂકીએ જ ઉપકાર!

ગાડી સ્ટેશન પર પહોંચી અને સ્મરણ થયું કે સવારની પ્રાર્થના પછીનો ગીતાપાઠ રહી ગયો છે. રવિવારનો દિવસ હતો. મારો પ્રિય અગિયારમો અધ્યાય વંચાશે એ ઉત્સાહમાં ચોપડી હાથમાં લીધી. અધ્યાય શરૂ કર્યો એટલામાં ગાડી ચાલી. સામાન્યપણે ગીતા શરૂ કર્યા પછી વચમાં હું ખંડ પડવા નથી દેતો. ગમે તેટલું બીજું આકર્ષણ હોય તોયે ત્યાં ધ્યાન ન દેતાં એકાગ્રપણે ગીતા પૂરી કરું છું, પણ આજે ગીતાની શરૂઆતમાં જ મગજમાં ભુવનગિરિ પેઠો હતો. સ્ટેશન આવતા પહેલાં એ ટેકરી એક બાજુથી ધરાઈને નિહાળી હતી, અને તેથી ગાડી આગળ જતાં બીજી બાજુથી એ જ ટેકરી કેવી દેખાય છે, ઉપર ચડવાનો માર્ગ રૂપાળો છે કે માણસે એને ભૂંડો કરી મૂક્યો છે, એ બધું જોવાનું મન હતું. આંખો એ તરફ દોડવા માગતી હતી. ઉપાસનામાં એકાગ્ર થવાનો આગ્રહ હોવાથી આ બધી નવરી જિજ્ઞાસા છોડી દેવી જોઈએ એમ એક મન કહેતું હતું. બીજું મન કહે, ગીતાપાઠ તો રોજ ચાલે છે, આ ટેકરી જોવા કાંઈ આપણે રોજ આવવાના નથી. અધૂરું દર્શન પૂરું કર્યે જ છૂટકો. બે મિનિટ એમાં ગાળવાથી કશું નુકસાન થવાનું નથી.

પહેલું મન ફરી કહે, પણ ઉપાસના અખંડ થવી જોઈએ એ આગ્રહ કેમ છોડાય? ગીતાપાઠની શરૂઆત ન કરી હોત તો વાત જુદી. આમે ગીતાપાઠ મોડો તો થયો જ હતો. પાંચ મિનિટ હજી મોડો શરૂ કર્યો હોત તો કશો વાંધો ન હતો. પણ શરૂ કર્યા પછી વચમાં વિક્ષેપ અણાય નહીં. વકીલાત કરવાને ટેવાયેલું બીજું મન કહે, ટેકરી નિહાળવાનું કામ આંખ અને હૃદય એકાગ્રતાથી કરતાં હતાં એમાં ગીતાપાઠનો વિક્ષેપ શા માટે આણ્યો? જો અખંડતાનો આગ્રહ હોય તો વિક્ષેપરૂપ ગીતાપાઠ કોરે મૂકવો જોઈએ અને સૃષ્ટિ નિરીક્ષણરૂપી ધ્યાનયોગ અખંડ ચલાવવો જોઈએ.

બે મન વચ્ચેના આ ઝઘડાનો લાભ લઈ આંખોએ ત્રાંસી ગતિ પકડી ટેકરીનું નિરીક્ષણ શરૂ કર્યું. પણ નિગ્રહી મને એમની સાથે સહકાર કરવાની ચોખ્ખી ના પાડી. એણે આંખો પરની પોતાની લગામ ખેંચી અને એમને ગીતાશ્લોક ઉપર બાંધી દીધી.

એટલામાં એક ભારે ચમત્કાર થયો. ગીતાપાઠ અગિયારમા અધ્યાયના પાંચમા શ્લોક ઉપર આવ્યો. વૈખરી બોલી : 'पश्य मे पार्थ रुपाणि शतशोऽथ सहस्त्रशः' હૃદયમાં ચાલતું યુદ્ધ એકદમ બંધ થયું. બંને મન વચ્ચે સુલેહ થઇ, એકવાક્યતા જામી. ભુવનગિરિ પણ વિશ્વરૂપની જ એક વિભૂતિ છે એવો સાક્ષાત્કાર થયો. ભુવનગિરિ જોવામાં ગીતાભ્યાસનો દ્રોહ ન હતો, પણ એનો વિનિયોગ જ હતો. હૃદયે આંખોને કહ્યું, હવે ધરાઈને જુઓ. 'पश्य मे पार्थ रुपाणि शतशोऽथ सहस्त्रशः'

પ્રથમ તો કેવળ કલા રસિક આંખો જ નિહાળતી હતી, પણ ગીતાના શ્લોકે ધર્મપૂત દિવ્ય દૃષ્ટિ આપી. જાણે ભગવાને જ કહ્યું હોય : दिव्यं ददामि ते चक्षुः पश्य मे रुपम् ऐश्वरम् કલાની નજરે પ્રાકૃતિક રૂપ જોયા કરતાં શ્રદ્ધાભક્તિની નજરે ઈશ્વરી રૂપ જોવા મળ્યું એ કેટલું ધન્ય-ભાગ્ય? ચિત્તને સમાધાન થયું. ભુવનગિરિએ નવું જ રૂપ ધારણ કર્યું હતું. હવે એ પાષાણ રહ્યો ન હતો, એ પરમાત્માની એક વિશાળ મૂર્તિ બન્યો હતો. સ્થૂલ કાયા હોવા છતાંયે એ હવે સ્થૂલ ન હતો પણ ચૈતન્ય હતો. नमो पुरस्ताद अथ ते કહી મેં એને અનેક પ્રણામ કર્યા, અને ગીતાપાઠ આગળ ચલાવ્યો.

જેમ ગીતાના એક શ્લોકથી ભુવનગિરિના દર્શનમાં ફેર પડ્યો તેમ ભુવનગિરિના દર્શનથી ગીતાપાઠમાં નવો અર્થ ઉમેરાયો. સખા ભુવનગિરિ! ગુરો ભુવનગિરિ! તને હવે શી રીતે ભુલાય? જ્યારે જ્યારે ગીતાપાઠનો અગિયારમો અધ્યાય આવશે ત્યારે ત્યારે તારું સ્મરણ થવાનું જ, અને તે વિક્ષેપરૂપે નહીં પણ વિશ્વરૂપના એક પ્રતીક તરીકે. તેં મારા હૃદયમાં પ્રવેશ કર્યો છે. મારી પ્રાર્થના એટલી જ છે કે હું પણ તારા હૃદયમાં પ્રવેશ કરી શકું.

# ગાંધી વિચારધારાનું પ્રતીક

- અમિતાબહેન પાલખીવાલા

મોનિયામાંથી મહાત્મા બનેલ આ મહામાનવ સાચા ઈતિહાસ પુરુષ, મુઠી ઊંચેરા માનવી, પોતાના જાનની આહુતિ આપનાર, ભગવાન ઈસુ અને સત્યવીર સોક્રેટિસની કક્ષાના હતા. તકલીના તાંતણે ભારતને સ્વરાજ અપાવનાર ગાંધી આપણે વચ્ચે નથી પણ, તેઓ દરેક પળ આપણી સાથે છે. કારણ કે એમની દોરતી અને પ્રેરતી શક્તિ આપણી વચ્ચે જ છે. પણ સાથે ગાંધીની કેટલીક ચીજોને જોતા ગાંધી વિના પણ ગાંધી આપણને આપણી પાસે દેખાશે એમની હાજરી વર્તાશે. ગાંધીજી ૧૯૪૮ માં મૃત્યુ પામ્યા છે એમ આપણે માની શકીશું? દાખલા તરીકે ગાંધીજીના ચશ્માં, ચરખો, ખાદી, ટોપી, લાકડી, પગરખાં, ઘડિયાળ, "સત્યમેવ જયતે" સૂત્ર ગાંધી વિચારધારાના આ પ્રતીકો ભારતીય સમાજ અને સંસ્કૃતિને મળેલ કંઈક અનોખી અને મહત્વપૂર્ણ કૃતિઓ છે. આ ચીજોને માત્ર પ્રતિકાત્મક સ્વરૂપે જોતાં પણ સત્ય અને અહિંસાના દમ પર દેશને આઝાદ કરાવનાર ગાંધીની ઉપસ્થિતિ વિના પણ આપણને ગાંધી દ્રષ્ટિગોચર થયા વિના રહે નહીં, આજે પણ ગાંધી પ્રભાવક છે. તેમાં કોઈ શંકા નથી.

"ગાંધી ચશ્માથી જોવાતી આઝાદીની આંધી
સતનું સરનામું છે ગાંધી."

ગાંધી ચશ્માં? ગોલ્ડ લેન્સ વાળા આઈકોનિક ચશ્મા, ગોલ્ડ પ્લેટેડ ધાતુની પાતળી ફ્રેમ અને દાંડી વાળા હતા. એક વિચારધારાનું પ્રેરણા સ્રોત બનીને આવ્યા હતા. ગાંધીજીના આ ચશ્મા કરતા પણ કંઈક વિશેષ હતા. ગાંધીજીના ચશ્મા કોઈ જાદુઈ ન હતા કે અલૌકિક નહોતા તો સામાન્ય પણ ન હતા. તે ભારતના ભવ્ય ભૂતકાળ અને ભવ્ય ઈતિહાસની ઝલક આપે છે. ગાંધીના ચશ્મામાં પ્રતિકાત્મક શક્તિ હતી.

ગાંધીજીએ ૧૯૨૦ થી તેમના આ પ્રતિષ્ઠિત ગોળ આકારના ચશ્મા પહેરવાનું શરૂ કર્યું એમ તેમના પૌત્ર ગોપાલ કૃષ્ણ દેવદાસ જણાવે છે અને તેનો હરહંમેશનો ઉપયોગ ગાંધીજીએ ભારતની રાષ્ટ્રીય ચળવળ દરમિયાન અને સવિનય કાનૂન ભંગના સમયે કર્યો હતો. વળી ૧૯૩૦ માં જ્યારે મહાત્માએ દાંડીમાં પ્રખ્યાત મીઠાની કૂચનું નેતૃત્વ કર્યું હતું, ત્યારે તેમનો ચહેરો પ્રખ્યાત ગોળ કિનાર વાળા ચશ્માનું પર્યાય બની ગયો હતો. આમ તો ગાંધીજીને

જોવા માટે ચશ્માની જરૂર જ ન હતી. પણ ગાંધી કહેતા કે, ચશ્મા સ્પષ્ટ અને કરુણા સભર રીતે વિશ્વને જોવાની તેમની યાદ અપાવે છે. ચશ્માને ગાંધીના ચિંતન, દૂરંદેશી અને પરોપકાર ભાવનું પ્રતીક માનવામાં આવે છે.

ગાંધીજીના ચશ્મા સ્વાવલંબન, વિકેન્દ્રીકરણ, માનસિક સ્વસ્થતા, ધૈર્ય, અપરિગ્રહ, આત્મસંયમ, સાદગી અને અહિંસાનું પ્રતિનિધિત્વ કરે છે. આજે ધનનો વધતો લોભ, શોષણ, આર્થિક સત્તાનું કેન્દ્રીકરણ, વૈશ્વિક અન્ન સમસ્યા, પર્યાવરણના પ્રશ્નોનો ઉકેલ જડતો નથી ત્યારે ગાંધીજીનો વૈજ્ઞાનિક, બુદ્ધિસંગત અને વ્યવહારુ અભિગમ આપણને દૃષ્ટિગોચર થાય છે. આમ મહત્વ ગાંધીજીના ચશ્માનું નથી, પણ દ્રષ્ટિનું છે. ગાંધીના ચશ્માની પાછળ રહેલી બે આંખોની દૂરંદેશી શાશ્વત છે. તેને કોઈ ભુલાવી શકે તેવું નથી.

સમાજમાં અમર્યાદિત ભોગવાદ, પ્રદૂષણ, અકરાંતિયો સમાજ, વિસારે પડતા માનવીય મૂલ્યો, નીતિમત્તા, સમાજને ભરડો લેતું ભ્રષ્ટ રાજકારણ, ભૌતિકવાદ, શહેરીકરણ, આધુનિકરણ તરફની આંધળી દોટ આજના આ રાક્ષસી સ્વરૂપને ગાંધીજીએ તેમની સંજય દૃષ્ટિથી જોયા હતા. ગાંધીજી ભારે દુરંદેશી સાબિત થયા છે. ગાંધીજીના ચશ્મા એ માત્ર ચશ્મા નહોતા, પણ એ ચશ્મામાંથી એમને ભાવિ હિંદની છબી દૃષ્ટિગોચર થતી હતી. આજે દુનિયા આખીનું ધ્યાન ફરી ફરીને ગાંધી-વિચાર તરફ જઈ રહ્યું છે. જે બતાવે છે કે ગાંધીજી ભારે પૂર્વઅવધાન હતા. જે ચશ્માથી ગાંધીજીએ આઝાદી જોઈ હતી તે હતી ગુલામીમાંથી આઝાદી, અસ્પૃશ્યતાની આઝાદી, દેખાડાથી આઝાદી, ગંદકીથી આઝાદી, શોષણમાંથી આઝાદી અને ભૂખમરામાંથી આઝાદી.

ગાંધી અભિગમ તરફ આજે વિશ્વની દૃષ્ટિ મંડાઈ છે. તેનું ઉદાહરણ વર્તમાનમાં કેનેડાના તત્કાલીન વડાપ્રધાન ટ્રૂડો, કેનેડિયન નાગરિકો, ખાસ કરીને કેનેડિયન ગૃહિણીઓએ પૂરું પાડ્યું છે. કેનેડાના સ્થાનિકોએ ભેગા થઈને સ્વદેશીની ઝુંબેશ ઉપાડી જે દ્વારા પ્રતિત થાય છે કે ગાંધીજીએ સૂચવેલી સ્વદેશીની વિચારધારા આજે પણ આખી દુનિયાને પ્રભાવિત કરી જાય છે.

ઘણા લેખો અને કલાકૃતિઓમાં ગાંધીજીના ચશ્માનો એમની દૃષ્ટિના પ્રતીક તરીકે ઉપયોગ કરવામાં આવ્યો છે. ગાંધીજી સ્વચ્છતાને સર્વોપરી માનતા હતા. તેમણે સ્વચ્છતાને જીવનમાં મહત્વ આપ્યું. તેઓ કહેતા : "જ્યાં સુધી તમે તમારા હાથમાં ઝાડુ અને ડોલ નથી લેતા, ત્યાં સુધી તમારું કામ અને શહેરને તમે સ્વચ્છ નથી રાખી શકતા." દરેક ઘરમાં સ્વચ્છતા એ ગાંધીજીનું સ્વપ્ન હતું. માટે ગાંધી

ચશ્માંને સ્વચ્છ ભારત અભિયાનના પ્રતિકરૂપે લેવામાં આવ્યું. ગાંધીજીના ચશ્માથી બનેલા સ્વચ્છ ભારતના "લોગો"ની આકર્ષક છબી તે સંદેશની સમયસર યાદ અપાવે છે.

ચશ્માના એક લેન્સમાં સ્વચ્છ અને બીજા લેન્સમાં ભારત શબ્દ પ્રયોજ્યો છે અને આમ ગાંધીના ચશ્મા સ્વચ્છતાનું પ્રતીક બની ગયા. મહારાષ્ટ્ર સ્થિત કોલ્હાપુરના રહેવાસી શ્રી અનંત ખસબરદારે આ સ્વચ્છ ભારતનો લોગો ડિઝાઈન કર્યો હતો. જ્યારે લોગોની નીચેની જે ટેગ લાઈન છે. "એક કદમ સ્વચ્છતા કી ઓર" તે ગુજરાત સ્થિત રાજકોટ નિવાસી કુમારી ભાગ્યશ્રી શેઠે આપ્યો હતો. ચશ્માના બંને લેન્સને જોડતી વચ્ચેની દાંડીમાં ટ્રાયો કલર (તિરંગાના રંગ) છે. મહાત્મા ગાંધીના આ પ્રતિકાત્મક ચશ્માએ સમગ્ર દેશને સંયુક્ત રીતે તેમના સ્વચ્છતાના વિઝનને સિદ્ધ કરવા પ્રેરિત કર્યા, તેમાં શંકા નથી.

ગાંધીજીના દેહ વિલયને અનેક દસકા વીતી ગયા પછી આજે પણ એમના જેવા ગોળ, પ્લેન ગ્લાસ અને કાન ઉપરથી જતી પાતળી દાંડીવાળા ચશ્માની સ્ટાઈલ હોલીવુડથી લઈને દુનિયાભરની તમામ મોટી હસ્તીઓએ અપનાવી છે. ગાંધી ચશ્માના માત્ર ગાંધીજીના રહસ્યોને છતાં કરે છે, પરંતુ કેટલીક રસપ્રદ વાતો પણ દર્શાવે છે. બ્રિટનના એક મશહૂર કલાકાર અને ગાયક જોન લેનન, ટેકનોલોજી જગતની દિગ્ગજ કંપની "એપ્પલ" ના પૂર્વ સીઈઓ સ્ટીવ જોબ્સ, ભારતીય વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદી, હોલીવુડ ફિલ્મ હેરી પોટરના મુખ્યપાત્ર, કાલ્પનિક પાત્ર વેલ્મા ડિક્લી જેવા કેટલાક કાલ્પનિક પાત્રો, હિન્દી ફિલ્મ અભિનેતા આયુષ્યમાન ખુરાના, ટીમ ઈન્ડિયાના તત્કાલીન કેપ્ટન વિરાટ કોહલી વગેરેની ફેશન સ્ટાઈલમાં ગાંધીના આ પ્રતિકાત્મક (iconic) ચશ્માએ સ્થાન લીધું છે.

દુનિયાના પ્રતિષ્ઠિત ચશ્મા નિર્માતા આજે પણ ગાંધી સ્ટાઈલના ગોળ લેન્સવાળા ધાતુની પાતળી ફ્રેમવાળા ચશ્મા બનાવવાનું પસંદ કરે છે. આને વિન્ટેજ સ્ટાઈલ (પરંપરાગત, પ્રાચીન, ઐતિહાસિક) અથવા વિન્ડસર શૈલીના ચશ્મા પણ કહેવાય છે. ગાંધીજીનો આ વારસો આપણને આજે વિશ્વભરમાં એક નવી ઓળખ આપે છે. જેના પર આપણે ગર્વ અનુભવીએ છીએ.

આપણને ખબર છે કે ગાંધીનો વિરોધ છતાં ગાંધી આજે પણ પ્રભાવક છે. એમને અવગણવા છતાં પણ તેમની સાથે સંકળાયેલી ચીજો નજરે પડતાં જ ગાંધીનું સ્મરણ થયા વિના રહેશે નહીં. ગાંધીનો તે વિજય છે. ગાંધીજી ઈતિહાસ પુરુષ તો હતા જ અને તેથી વિશેષ તો ઈતિહાસકાર છે. તેમના વિશે ઘણું લખાતું રહ્યું છે અને લખાતું રહેશે. ઈતિહાસના પાનાઓ ઉપર તેઓ લિપિબદ્ધ થતા રહેશે.

ગાંધીજી એવા ઈતિહાસ છે કે તેમના દ્વારા ઉપયોગમાં લેવાયેલ વસ્તુઓને માત્ર પ્રતિકાત્મકરૂપે જોતાં આપણા મનમાં ગાંધી ઝળક્યા વિના રહે નહીં તે નિશ્ચિત છે. ગાંધીજી ભલે સદેહે આપણી વચ્ચે નથી પણ પ્રતિકાત્મક રૂપે તો તેઓ વિશ્વ વ્યાપી છે. વિશ્વસ્થ છે, કહો કે વૈશ્વિક છે. પદ્મશ્રી ગુણવંત શાહ કહે છે તેમ "ગાંધી રંધાયા દક્ષિણ આફ્રિકામાં પીરસાયા ભારતમાં ને પ્રસર્યા વિશ્વમાં."

ગાંધીજીના ચશ્માનું કશું મહત્વ નથી. મહત્વ ગાંધીજીની આંખનું, તેમની દ્રષ્ટિનું, તેમની સમજણનું તથા તેમના પૂર્વ પ્રજ્ઞાનું છે. ગાંધીજી જેવા યુગપુરુષને સમજવા સહેલા નથી. ચશ્મા માટે બાપુ કહેતા કે, આ ચશ્મામાંથી હું આઝાદ ભારતની તસ્વીર નીરખું છું.

ગાંધીજીના ચશ્મા એક ચશ્મા નથી, પણ એક એવા ચશ્મા છે, જેનો અર્થ થાય છે કે, "સાફ નજરથી દેખો."

"એનક પહને લાઠી પકડે
ચલતે થે વો શાનસે
જાલિમ કાંપે થર થર થર થર
સુનકર ઉનકા નામ રેપ.."

(એનક એટલે ચશ્મા)

(અનુસંધાન પૃષ્ઠ ૧૮ થી ચાલુ)

માટે, બુચસાહેબ, કંઈ કહોને!"

"અણુ સંશોધનો માટે ડૉલર્સની જરૂર પડે; શિક્ષણ માટે તો સખત મહેનતની જરૂર છે. સુસજ્જ ને તેજસ્વી પાંચ ટકા જેટલા શિક્ષકો જો નિર્ધાર સાથે સખત કામ કરવા માંડે તોય દેશનું ભાવિ ઉજ્જવળ છે. શિક્ષકો સારું શિક્ષણ આપવા માટે લડત આપે તેવી રાહ જોઉં છું."

ડૉ. એમ. બી. બુચ દ્વારા શિક્ષણક્ષેત્રે થયેલ પ્રદાન એમને પરીકથાના કોઈ પ્રબળ નાયક ઠેરવે તેવું ને તેટલું છે. શૈક્ષણિક સંશોધનોનાં સર્વેક્ષણો અંગેના એમણે સંપાદિત કરેલા મહાગ્રંથો બદલ શિક્ષણપ્રેમીઓ તેમના સદા કાળના ઋણી છે ને રહેશે. એમણે સંશોધનપ્રેમીઓનું મંડળ ઊભું કરીને પોતાની કાર્યભાવનાને વહેતી જ રાખી છે; ગુર્જર-ભારતના આ ઝળહળતા વિદ્યાદીપનું વિદેશોમાં પણ રેલાયેલું તેજ આપણને ગૌરવ અને પ્રેરણા આપે છે; ભલેને એ દીપ તા. ૧૯-૨-'૯૬ની વહેલી સવારે હોલવાઈ ગયો પણ એમના આ હૃદયોદ્‌ગારને ભૂતકાળમાં ફેરવવાનો કદી રૂચશે નહીં : "આઈ'મ અ મેન ફોર ધી ટીચર્સ!"

- આઈ સેલ્યુટ હિમ ઑન બીહાફ ઑફ ધ ટીચર્સ! શિક્ષણના મહાભારતમાંય પરાક્રમી યોદ્ધા કરતાંય તેનો સારથી સવાયો સમર્થ હોય તો જંગ જિતાય; આપણા સમર્થ ને શ્રદ્ધેય સારથી ડૉ. મધુભાઈ બુચને શ્રદ્ધાંજલિ!

# સોશિયલ મીડિયા : સમાજનું પ્રતિબિંબ

- હરેશ ધોળકિયા

આજે આપણે સોશિયલ મીડિયા ખોલીએ, અને દર પળે કરોડો લોકો ખોલે છે અને તેમની વિગતો તપાસીએ, તો જ્ઞાન નથી મળતું, પણ ગાળાગાળી, બિનજરૂરી અભિપ્રાયો, ઉધાર સલાહો અને ખુલ્લા શરીરો જોવા મળે છે. કરોડો લોકો પોતાનો પ્રચાર કરતા ફોટા મૂકે છે. ભાગ્યે જ કોઈ ઉપયોગી માહિતી મળે છે. જ્ઞાનનું એક ઉત્તમ માધ્યમ સસ્તુ માધ્યમ બની ગયું છે. સોશિયલ થવાના બદલે એન્ટી-સોશિયલ બનવાના પૂરા ચાન્સીસ રહે છે.

આમ કેમ બને છે? વિચારકો અને વિજ્ઞાનીઓ માનવજાતને પ્રગતિ કરવામાં મદદ થાય તેવી શોધો કરે છે, પણ બહુ જ ઓછા સમયમાં આ શોધ માનવ માટે નુકસાનકારક બનતી જોવા મળે છે. આ ઘટના આપણા ઉત્તમ વિચારક જે. કૃષ્ણમૂર્તિના વાક્યને સાચું ઠેરવે છે. તે કહે છે, ''મનુષ્ય જે પણ બાબતને હાથમાં લે છે તેને થોડા જ સમયમાં બગાડી નાખે છે.''

આમ કેમ બને છે? ફરીથી એ જ સવાલ!

કારણ એ છે કે જેના હાથમાં આ શોધો જાય છે તેઓ ''બિનતાલીમી'' હોય છે, તેમના પાસે સ્વસ્થતા, વિવેક, તટસ્થતા કે વિચાર કરવાની તાલીમ નથી હોતી. ''આવા'' લોકો જેને પણ સ્પર્શે તેને બગાડી જ નાખે.

તો, આ બિનતાલીમી એટલે શું? ખરાબ લોકો? ના, આ બધા સજ્જન હોય છે. પ્રેમાળ પણ હોય છે, પણ ''વિચારક'' નથી હોતા. વિચારક હોવું એટલે સ્વસ્થતાથી, સમગ્રતાથી, વિવેકપૂર્વક, નિષ્પક્ષતાથી અને નિઃસ્વાર્થભાવે વિચાર કરવો. પણ, લખતા દુઃખ થાય કે, જગતના નેવું ટકા લોકો વિચારક નથી અને જેને વિચારની તાલીમ નથી મળી હોતી, તેઓ વિચાર નહિ, આવેશમાં રહે છે. તેઓ બુદ્ધિશાળી લોકો નથી હોતા, પણ વધારે પડતા લાગણીશીલ લોકો હોય છે. લાગણીશીલ હોવું સહજ છે, પણ ''વધારે પડતા'' લાગણીશીલ હોવું એટલે બુદ્ધિ નહિ, આવેશને વશ થઈ જવું. અને આવેશ એક જ કામ કરે છે કે તે વિચાર શક્તિને દબાવી દે છે.

પણ હવે મોટા ભાગના શિક્ષણ લે છે. મોટી મોટી ડિગ્રીઓ લે છે. ઊંચા હોદ્દા પણ ભોગવે છે. તો? શિક્ષણ કોણ આપે છે? મુખ્યત્વે માતા-પિતા, વડીલો અને શિક્ષકો આપે છે. હવે આ બધાના મગજ તપાસો! તેઓ શું બોલે છે કે કેમ વર્તે છે તે તપાસો. તેઓ પણ આવેશમાં જ રહે છે, કારણ કે તેઓ પણ એ જ શીખ્યા છે - તેમના વડીલો પાસેથી.

પણ એમ શા માટે છે? કારણ કે મનુષ્યનો ઉછેર પરંપરાઓના આધારે થાય છે. કોઈ એક સમયે કોઈ પરંપરા રચાય છે. ત્યારે તે ઉપયોગી હોય છે એટલે તેને અપનાવાય છે અને તેના આધારે બાળકોનો ઉછેર કરાય છે.

પણ, સમય જતા, સમાજ પ્રગતિ કરે છે તેમ, એ પરંપરા વ્યર્થ બનતી જાય છે. પણ તે દરમિયાન એ પરંપરા મનમાં ઘૂસી ગઈ હોય છે. અને શરૂઆતની પરંપરાઓ ધર્મના આધારે બની હતી. અને શરૂઆતના ધર્મો કર્મ-કાંડ આધારિત હતા. તેમાં જાદુ, ભૂત-પ્રેત વગેરે વધારે પડતા હતા. એટલે આ બધા એક સિસ્ટમ બની ગયા હોય છે. એટલે તેમને છોડવાની હિંમત નથી ચાલતી. એટલે તેઓ ઉહાપોહ કરે છે અને બદલાવાનો વિચાર આપનારની નિંદા કરે છે. એટલે વિચાર કે સુધારો સમાજમાં ઝડપથી પ્રવેશી શકતો નથી.

પણ હવે તો વિજ્ઞાન અને ટેક્નોલૉજીનો સમય છે, હવે તો દરેક લગભગ શિક્ષિત છે, તે છતાં કેમ ચાલુ છે?

શિક્ષણ મળે તે પહેલાં બાળકનું મન ઘરમાં મળેલ પરંપરાથી ગ્રસ્ત થઈ ગયું હોય છે. શાળામાં પ્રવેશે તે પહેલાં તેનું મગજ ધર્મ અને પરંપરાથી ગ્રસ્ત થઈ ગયું હોય છે. એટલે નવા વિચાર સ્વીકારવા તકલીફભર્યા બને છે. અને સૌથી કરુણ બાબત તો એ હોય છે કે શિક્ષકો પણ આવા જ વાતાવરણમાંથી આવ્યા હોય છે. એટલે તેઓ પણ ''આવા'' જ હોય છે. તેમને પણ સ્વતંત્ર વિચાર કરવાની તાલીમ મળી હોતી નથી. ભલેને તેઓ વિજ્ઞાનના શિક્ષક હોય, પણ તેમનું મગજ પણ જૂના વિચારોથી છલકાતું હોય છે. સગવડો વધે છે. રસ્તા, વાહનો, ટેક્નોલૉજી વગેરે વધે છે, પણ આ બધા વચ્ચે મન અને મગજ જૂનવાણી જ રહે છે, સમગ્ર જગતમાં. વર્તમાન જગતના જ નેતાઓનો અભ્યાસ કરવા જેવો છે. છે કોઈ સ્વતંત્ર વિચારક? જ્ઞાતિ, જાતિ, ધર્મ-મુક્ત નેતા? કેવળને કેવળ વૈશ્વિક વિચારસરણી ધરાવતો નેતા? ઘાસના પુળામાંથી સોય શોધવા જેટલું કઠિન છે આ. અને લોકોને જ આવી વ્યક્તિ નથી ગમતી હોતી, એટલે તેઓ તેને ચૂંટતા જ નથી. માટે ''યહી કિસ્સા પુરાણા હૈ.''

મોટા ભાગના લોકો, મનોવિજ્ઞાન કહે છે, ''ડર''માં જીવે છે. અસલામતીમાં જીવે છે. એટલે ક્યાં સલામતી મળે તે સતત તપાસે છે. અને સલામતી તો ''જ્ઞાત''માં, એટલે કે પરંપરામાં મળે છે. માટે તેને પકડીને જીવ્યા કરે છે. માટે જ તેમનામાં સાહસવૃત્તિ નથી ખીલતી. તેઓ જોખમ નથી ઉઠાવી શકતા. પરિવર્તનને સ્વીકારી નથી શકતા. બસ, સલામતીમાં, પરિચિત વાતાવરણમાં જીવ્યા કરે છે. માતા-પિતાઓ પણ બાળકને ક્યારે પણ સ્વતંત્રતા કે સ્વાવલંબન નથી શીખવતા. બાળકને તેમના પર જ આધારિત રાખે છે, જેથી તે તેને વશ રહે. પુત્રવધૂ કે જમાઈ પણ એવા પસંદ કરે છે જે ''કહ્યાગરા'' હોય. આવા વાતાવરણમાં વિજ્ઞાન અને વૈજ્ઞાનિક વૃત્તિ ક્યારેય ન વિકસે. વિચાર અને તર્ક ન વિકસે. બસ, પરંપરા જ ચાલુ રહે. તેને વૈજ્ઞાનિક ઠેરવવાના હાસ્યાસ્પદ પ્રયાસો થાય.

એટલે વિચાર કરવાની તાલીમ ના મળે તો

(અનુસંધાન પૃષ્ઠ ૩૫ ઉપર)

# તિલની (મૂળ શીર્ષક : તુમારશાહી પહેલાં)

- રાજેન્દ્ર દવે

એ શિયાળે હું એન્ડરસનની સાથે હિમાલયની તળેટીમાં, જેને તરાઈ કહે છે, તે પ્રદેશમાં સફર કરી રહ્યો હતો. જાન્યુઆરી માસની એક સવારે અમે નાસ્તો કરી, બિંદુખેરાથી અમારા અગલા પડાવ બુકસૌરા આવવા પગપાળા નીકળ્યા. અમારા કાફલાને બિંદુખેરાથી છાવણી સમેટી, બુકસૌરામાં અમે પહોંચીએ તે પહેલાં ફરી લગાવવા માટે સમય આપવા અમે થોડો લાંબો રસ્તો લીધો.

બિંદુખેરાથી બુકસૌરા જતા રસ્તામાં બે નદી પાર કરવી પડે છે. બીજી નદી પાર કરતા સમયે કાફલાના એક ઊંટનો પગ લપસ્યો અને તેના પર લાદેલો સામાન નદીમાં પડી ગયો. આ અકસ્માતને લીધે કાફલાને બુકસૌરા પહોંચતાં મોડું થયું, અને અમે જ્યારે આખો દિવસ કાળા તેતરનો શિકાર કરતા-કરતા બુકસૌરા પહોંચ્યા, ત્યારે અમારો સમાન હજુ ઊંટની પીઠ પરથી નીચે ઊતરી રહ્યો હતો.

અમારી છાવણી બુકસૌરા ગામથી માત્ર થોડી જ દૂર હતી અને એન્ડરસનનું ગામમાં આગમન ગામવાસીઓ માટે ખૂબ મોટી ઘટના હતી. તેથી આખું ગામ તેમનું સ્વાગત કરવા, અને છાવણી તૈયાર કરવામાં મદદ કરવા એકઠું થયું હતું.

સર ફ્રેડરિક એન્ડરસન તે સમયે તરાઈ અને ભાબર કસ્બાના સુપ્રિટેન્ડન્ટ હતાં. તેમના ભલા સ્વભાવને કારણે હજારો વર્ગ માઈલમાં ફેલાયેલા આ પ્રદેશમાં, દરેક જાતિ અને વર્ણમાં તેઓ ખૂબ લોકપ્રિય હતા. પોતાના ભલા સ્વભાવની સાથે-સાથે, તેઓ પાસે શાસન કરવાની અજબ કુનેહ પણ હતી. યાદશક્તિમાં તેમની તોલે, માત્ર કુમાઉના વગર તાજના રાજા ગણાતા જનરલ (સર) હેન્રી રામસે-જેઓએ આ જ પદ અઠ્ઠાવીસ વર્ષ સુધી શોભાવ્યું હતું - તેઓ જ આવી શકે. આ બેઉ સ્કોટલેન્ડના વતની વિશે એવું કહેવાતું કે તેઓએ એક વખત સાંભળેલું નામ કે પછી એક વખત જોયેલો ચહેરો કદી ન ભૂલતા. સચોટ યાદશક્તિની કિંમત જેઓનું સરળ, અભણ માણસો સાથે કામ પડે, તે જ સમજી શકે. અદના આદમી માટે કોઈ પોતાને યાદ રાખે, તેનાથી વધુ અગત્યની કોઈ ચીજ નથી.

જ્યારે પણ ભારતમાં બ્રિટિશ સામ્રજ્યની ચડતી-પડતીનો ઇતિહાસ લખાશે, તુમારશાહીએ તેની પડતીમાં ભજવેલા ભાગનો ઉલ્લેખ જરૂર કરવો પડશે. રામસે અને એન્ડરસન, તુમારશાહીના પ્રવેશ પહેલાં જ, ભારતમાં પોતાની સેવા આપી ચૂક્યા હતા, તેમના હાથ કદાપિ લાલ પટ્ટી વડે બંધાયા ન

હતાં. તેમના વહીવટની સફળતાનું એક આ એક મુખ્ય કારણ હતું.

કુમાઉના ન્યાયાધીશ ઉપરાંત રામસે ઉપર મેજીસ્ટ્રેટ, પોલીસ અધિક્ષક, જંગલ અધિકારી અને ઈજનેરની જવાબદારી પણ હતી. તેમની આવી વિવિધ અને ભારે જવાબદારીને પહોંચી વળવા તેઓ એક ગામથી બીજા ગામ ચાલતા જતા હોય ત્યારે પણ પોતાનું કામ કરતા રહેતા.

ગામવાસીના ટોળા વચ્ચે સફર કાપતા-કાપતા દીવાની તેમજ ફોજદારી દાવાનો નિકાલ કરવાની તેમની ટેવ હતી. તેઓ બન્ને પક્ષ તથા તેમના સાક્ષીઓને સાંભળી, ઊંડો વિચાર કરી, પોતાનો ચુકાદો આપતા. તેમના ચુકાદા સામે કોઈએ વાંધો ઉઠાવ્યો હોય, અથવા કોઈએ ચુકાદા મુજબ દંડ ન ભર્યો હોય, કે પછી ચુકાદા મુજબ કેદની સજા ભોગવવા કોઈ પણ અપરાધી નજીકના કેદખાનામાં હાજર ન થયો હોય, તેવું ક્યારે પણ નથી બન્યું.

પોતાના પુરોગામી રામસેની રામખામણીએ, એન્ડરસન પાસે માત્ર તરાઈ અને ભાબરના સુપ્રિટેન્ડન્ટની જવાબદારી હતી. તેમ છતાં, તેમની શાસન-સત્તા ખાસી બહોળી હતી. તે દિવસે, ઢળતા બપોરે, બુકસૌરાના મેદાનમાં અમારા તંબુ લગાવાનું કામ ચાલુ હતું. તે દરમિયાન, એન્ડરસને ગામવાસીઓની સભા ભરી તેમની ફરિયાદ સાંભળવાનું નક્કી કર્યું.

પહેલી અરજી બુકસૌરાના પડોશી ગામના મુખી તરફથી આવી. તેના ગામ અને બુકસૌરા વચ્ચે સિંચાઈ માટે, બુકસૌરા ગામ વચ્ચેથી પસાર થતી એક સહિયારી નહેર હતી. તે વર્ષે ઓછા વરસાદને કારણે, નહેરમાં બન્ને ગામને પૂરું પડે તેટલું પાણી ન હતું. હકીકતે બુકસૌરા ગામના ખેડૂતોએ નહેરનું બધું પાણી વાપરી નાખ્યું, જેને કારણે, પડોશી ગામનો બધો પાક બળી ગયો. નહેરનું બધું પાણી વાપરી નાખવાનો ગુનો બુકસૌરાના મુખીએ કબૂલ કરી લીધો. તેની દલીલ હતી કે નહેરમાં પાણી એટલું ઓછું હતું. કે જો તેના સરખા ભાગ થયા હોત તો બન્ને ગામનો પાક બળી જાત. ગામમાં ડાંગરના પાકની લણણી તાજેતરમાં જ પૂરી થઈ હતી, અને પાક હજુ ખેતરમાં જ હતો. બન્ને મુખીને સાંભળ્યા પછી એન્ડરસને લણેલા પાકના બે ભાગ, બેઉ ગામના ખેતરના ક્ષેત્રફળના સપ્રમાણમાં કરવાનો ચુકાદો સંભળાવ્યો. ચુકાદો તો વાજબી હતો, પરંતુ બુકસૌરાના ખેડૂતોએ પાક લણવા કરેલી મહેનતનું શું? પડોશી ગામની દલીલ હતી કે પાકની લણણીમાં મદદ કરવાની તેમની દરખાસ્ત બુકસૌરાના ખેડૂતોએ ઠુકરાવી દીધી હતી. એન્ડરસનને પડોશી ગામની દલીલ વાજબી લાગી અને તેમનો ચુકાદો અકબંધ રહ્યો. આમ, બેઉ મુખી ખળામાં પડેલી ડાંગરના ભાગ પાડવા ગયા અને એન્ડરસનની સામે બીજી ફરિયાદની સુનાવણી શરૂ થઈ.

બીજી ફરિયાદ ચાદી નામના માણસની હતી. ફરિયાદ અનુસાર કાળુએ ચાદીની પત્ની તિલનીનું અપહરણ કર્યું હતું. ચાદીના કહેવા મુજબ ત્રણેક અઠવાડિયા પહેલાં, કાળુ

તિલનીને ઈશારા કરવા લાગ્યો હતો. ચાદીએ ના પાડવા છતાં કાળુએ પોતાની હરકત છોડી નહીં અને છેવટે તિલની ચાદીની ઝૂંપડી છોડી કાળુની સાથે રહેવા ચાલી જ ગઈ. ''કાળુ હાજર છે?'' એન્ડરસને પૂછ્યું. જવાબમાં અમારી સામેના માનવ-અર્ધવર્તુળના કિનારે બેઠેલો કાળુ ઊભો થયો.

જ્યાં સુધી ડાંગરના પાક બાબતના કેસની ચર્ચા ચાલતી હતી, ત્યાં સુધી સભામાં ઉપસ્થિત સ્ત્રી-ગણને ચર્ચામાં કોઇ ખાસ રસ ન હતો - આવી બાબતની ચિંતા કરવાનું કામ પુરુષ વર્ગનું હતું. પણ અપહરણનું નામ પડતા જ તેમના કાન સરવા થઈ ગયા.

એન્ડરસનના પૂછવા પર કાળુએ કબૂલ કર્યું કે તિલની હાલમાં કાળુએ તેના માટે બનાવેલી ઝૂંપડીમાં રહે છે, પણ તેણે તિલનીનું અપહરણ કદાપિ નથી કર્યું !

''શું કાળુ તિલનીને પોતાના પતિને પાછી સોંપવા તૈયાર છે?''

''તિલની પોતાની મરજીથી મારી પાસે આવી છે. હું તેને પાછી જવા ફરજ પાડવા તૈયાર નથી.''

''શું તિલની હાજર છે?''

એન્ડરસનના પ્રશ્નના જવાબમાં સ્ત્રીઓના સમૂહમાંથી એક યુવતી ઊભી થઈ.

''હું તિલની છું. નામદાર મને શું પૂછવા માગે છે?''

આશરે અઢાર વર્ષની નમણી તિલની તરાઈની પરંપરાગત વેષભૂષાથી સજ્જ હતી. એક ફૂટ લાંબો ચોટલો, લાલ ચોળી, રંગબેરંગી ઘાઘરો અને સફેદ કિનાર વાળી કાળી સાડી. તેણીએ પોતાના પતિને શા માટે છોડી દીધો તેવા એન્ડરસનના પ્રશ્નનો ઉત્તર તિલની પાસે હાજર હતો.

''નામદાર જોઈ શકે છે કે મારો પતિ કેટલો ગંદો રહે છે. ઉપરાંત તે ખૂબ જ કંજૂસ છે. બે વર્ષના અમારા લગ્નજીવનમાં તેણે નથી તો મને કોઈ કપડાં અપાવ્યા કે નથી ઘરેણાં'' હાથ પરની ચાંદીની બંગડી અને ગળામાં કાચના મણકાની માળા બતાવતા ઉમેર્યું : ''આપ જોઈ રહ્યા છો તે આ કપડા અને આ ઘરેણાં મને કાળુએ અપાવ્યા છે.''

''શું તેણી પોતાના પતિ પાસે જવા રાજી છે?''

માથુ ધુણાવતા તિલની બોલી, ''કોઈ હિસાબે નહીં.''

તરાઈની રોગીષ્ઠ આબોહવામાં રહેતી આ જાતિ પોતાની બે નોંધપાત્ર લાક્ષણિકતા માટે જાણીતી છે - એક, ચોખ્ખાઈ અને બીજું. સ્ત્રી-સ્વાતંત્ર્ય. ભારતના બીજા કોઈ ભાગમાં તરાઈ જેટલા સ્વચ્છ ઘર તથા ગામ જોવા નહીં મળે. અને ભારતના બીજા કોઈ પણ ભાગમાં કોઈ યુવતી ભરી સભામાં, બે ગોરા સાહેબની હાજરીમાં, પોતાની વાત રજૂ કરવાની હિંમત ન કરે, ન તો સમાજ તેને આવું કરવાની પરવાનગી આપે.

એન્ડરસનના પૂછવા પર ચાદી બોલ્યો : ''આપ નામદાર તો અમારા મા-બાપ સમાન

છો. જો આપ મારી પત્ની મને પાછી ન અપાવી શકો, તો મને તેના બદલે વળતર મળવું જોઈએ.''

''તારે કેટલું વળતર જોઈએ?''

''એકસો પચાસ રૂપિયા.''

સભામાં ચણભણાટ ઊઠ્યો : ''એકસો પચાસ રૂપિયા વધારે પડતા છે,'' ''આટલાં બધાં હોય?'', ''તિલની માટે આટલાં બધાં પૈસા ન હોય!'' વગેરે, વગેરે.

કાળુ ચાદીને તિલનીના બદલામાં એકસો પચાસ રૂપિયા આપવા તૈયાર હતો કે નહીં તેવા એન્ડરસનના પ્રશ્નના ઉત્તરમાં કાળુએ કહ્યું કે એકસો પચાસ રૂપિયા ઘણી વધુ રકમ છે. તિલનીને પરણતી વખતે ચાદીએ માત્ર સો રૂપિયાનું જ વધૂ-મૂલ્ય ચૂકવ્યું હતું અને ત્યારે તો તિલની ''નવી'' હતી. કાળુ ચાદીને માત્ર પચાસ રૂપિયા વળતર પેટે ચૂકવવા તૈયાર હતો.

ઘણી ચર્ચા અને રકઝકને અંતે એન્ડરસને ઠરાવ્યું કે કાળુ ચાદીને પંચોતેર રૂપિયા વળતર રૂપે ચૂકવે. કાળુએ પોતાના કમરબંધમાં રાખેલા બટવાને એન્ડરસનના પગ પાસે ઠાલવી દીધો. ગણતરી કરતા, તેમાંથી બાવન રૂપિયા નીકળ્યા. કાળુના બે મિત્રોએ બાકીના પૈસા પૂરા કરી આપ્યા. ચાદીએ પૈસા ગણી લીધાં, ત્યાં તો બધાથી થોડી દૂર બેઠેલી એક સ્ત્રી, ખૂબ મુશ્કેલીથી ઊભી થઈ.

''નામદાર, હવે મારું શું થશે?''

પીડાથી વ્યાકુળ આ સ્ત્રીને મેં ગામ બાજુથી, ધીરે-ધીરે સભા તરફ આવતી થોડા સમય પહેલા જોઈ હતી.

''તું કોણ છે?'' એન્ડરસને પૂછ્યું.

''હું કાળુની પત્ની છું,'' સ્ત્રીએ જવાબ આપ્યો.

લાંબી, સુકલકડી આ સ્ત્રીનો ચહેરો લોહી વગરનો, નિસ્તેજ, હાથીદાંત સમો સફેદ હતો. ફૂલી ગયેલી બરોળને કારણે તેણીના આખા શરીરનો આકાર બેડોળ લાગતો હતો અને તેના પગના પંજા સુજેલા હતા. તરાઈના શ્રાપ સમાન મલેરિયાનો પ્રતાપ!

સ્ત્રીએ પોતાના હારેલા, થાકેલા અવાજે કહ્યું કે કાળુએ નવી પત્ની ખરીદી લીધી, તેથી એ પોતે હવે ઘરબાર વગરની થઈ ગઈ છે. ગામમાં તેના કોઈ સગાં-વહાલાં નથી અને પોતે કોઈ કામ કરવા સશક્ત નથી તેથી એના માટે તો હવે ભૂખે મરવાના દિવસ આવ્યા! આટલું કહી તે પોતાની સાડીમાં મોં છૂપાવી ડૂસકા ભરવા લાગી અને તેના ચોધાર આંસુ બેડોળ શરીર પર થઈને જમીન પર પડવા લાગ્યા. એન્ડરસન માટે આ એક અણધારી મુસીબત હતી. આખા કિસ્સામાં કાળુની પત્ની હયાત છે તે બાબતનો જરા પણ અણસાર ન હતો.

કાળુની પત્નીના દયનીય આક્રંદને કારણે સભામાં થોડો સમય અજંપા ભરી શાંતિ છવાઈ ગઈ. પણ ત્યાં તો તિલની, જે હજુ સુધી ઊભી જ હતી, તે કાળુની રોતી, કકળતી પત્ની પાસે દોડી ગઈ. તેને પોતાની બાથમાં લઈ કહેવા લાગી

''રડ નહીં બહેન. તું ઘરબાર વગરની નથી. કાળુએ મારા માટે બનાવેલી ઝૂંપડીમાં આપણે સાથે રહીશું અને હું તારી સાંભળ રાખીશ. મને કાળુ જે કાંઈ આપે, તેમાં આપણા બન્નેનો સરખો ભાગ રહેશે. માટે રડ નહીં મારી બહેન. ચાલ હું તને આપણી ઝૂંપડીમાં લઈ જાઉં.''

જેવાં તિલની અને પેલી રોગીષ્ઠ સ્ત્રી સભામાંથી ગયા, એન્ડરસને ઊભા થઈ, રૂમાલમાં જોરથી પોતાનું નાક સાફ કરતાં કહ્યું કે પહાડ પરથી આવતી કમબખ્ત ઠંડી હવા કાયમ તેમને શરદી કરાવે છે. કોણ જાણે કેમ પણ પહાડ પરથી આવતી ઠંડી હવાની અસર સભામાં હાજર દરેક વ્યક્તિ પર થવા લાગી અને બધાને એક સાથે નાક સાફ કરવાની જરૂર પડી!

આ સાથે એન્ડરસને તે દિવસ પુરતી સભા વિસર્જનની ઘોષણા કરી દીધી, પરંતુ વાતનો અંત એટલેથી ન આવ્યો. ચાદીએ ઊભા થઈ એન્ડરસન પાસેથી પોતાની અરજી પરત માગી, અને ફાડી નાખી. બટવામાંથી કાળુએ આપેલા પંચોતર રૂપિયા કાઢી તે બોલ્યો, ''કાળુ મારો ગામ-ભાઈ છે અને હવે તેના માથે બે પેટ ભરવાની જવાબદારી છે. વળી તે બેમાંથી એકને તો ખરેખર સારા પોષણની જરૂર છે. તેથી આ પૈસાની મારા કરતા કાળુને વધુ જરૂર છે. નામદાર મને પૈસા કાળુને પરત કરવાની પરવાનગી આપે.'' (ક્રમશઃ)

(અનુસંધાન પૃષ્ઠ ૩૦ થી ચાલુ)

સમાજ પછાત રહે. હવે આવા સમાજને સગવડો આપવામાં આવે, તો તેનો પ્રથમ પ્રયાસ એ રહે કે આ સગવડ પરંપરાને અનુકૂળ થાય. તેનો ઉપયોગ પણ આવેશના આધારે થાય. એટલે તેમાં કોઈ નવીન વિચાર રજૂ કરે, તો લાખો લોકો તેના પર તૂટી પડે અને તેને ખલાસ કરી નાખે. ન માને તો ગાળાગાળી કરે. ચારિત્ર્ય હનન કરે, પણ નવા વિચારને આવવા ન જ દે. આજે આવું જ બને છે. તપાસ કરો કે કોને લાખો લાઇક મળે છે? ક્યા નેતાને મહત્તમ ગાળો મળે છે? જેણે ભારતને આધુનિક બનાવ્યું, તેને જ!

સમગ્ર વિશ્વના મનુષ્યોનો અભ્યાસ કર્યા પછી વિવેકાનંદે શું કહ્યું? નહિ ગમે પણ વાંચવા જેવું છે : ''માનવજાતનો વિશાળ સમૂહ કદી વિચારશીલ હોતો નથી. તેઓ વિચાર કરવાનો પ્રયાસ કરે તો વહેમોના જબ્બર જૂથની એમના પર ભયંકર અસર થાય છે. તેઓને તો માત્ર લાલચ અને ધમકીથી જ ચલાવી શકાય છે. પોતાની મેળે તો તેઓ કદી ચાલવાના જ નથી. તેમને ડરાવો, ગભરાવો અને ત્રાસ આપો તો તેઓ હંમેશા તમારા ગુલામ થઈને રહેશે. ગરીબ બિચારા પશુઓ!'' આ ખતરનાક વાક્ય છે, ગુસ્સે થઈ જવાય તેવું સત્ય છે. ભલે અદ્‌ભૂત શોધો કરીએ, બીજા ગ્રહોમાં વસવાટ કરીએ, અદ્યતનમાં અદ્યતન સગવડો વચ્ચે રહીએ, પણ રહેવું તો આવા જ! આવેશમય! વિચારોને ટાળનારા.

# કાશ્મીરનું રાજ્ય ભારતની આઝાદી વખતે કેવી રીતે ગૂંચવાયું?

- ડૉ. કૌશિક ચૌધરી

આઝાદી પહેલાની સ્થિતિ પહેલાં તારવી લઈએ. કાશ્મીર ભારતનું સૌથી મોટું રજવાડું હતું. જેની ૭૭ ટકા વસ્તી મુસ્લિમ હતી, ૨૦ ટકા હિન્દુ અને બાકીના ત્રણ ટકામાં શીખ, બૌદ્ધ અને અન્ય હતા. ૧૯૩૩માં રહેમત અલી નામના એક મુસ્લિમ સ્કોલરે ઈંગ્લેન્ડથી ભણીને ભારત પાછા ફરી પેમ્પલેટ ફેરવી, ''આજે નહીં તો ક્યારેય નહીં.'' આ પેમ્પલેટમાં પહેલીવાર મુસ્લિમ પક્ષ તરફથી મુસલમાનો માટે અલગ દેશની માંગ કરાઈ અને તે માંગેલા દેશને પાકિસ્તાન નામ પણ અહીં અપાયું. ૧૯૩૭માં સાવરકરે હિન્દુ મહાસભાના પ્રમુખ તરીકે આ જ વાત હિન્દુ પક્ષ તરફથી કરી કે હિંદુ અને મુસ્લિમ બે અલગ રાષ્ટ્રીયતાઓ છે. અને ૧૯૪૦માં મુસ્લિમ લીગે ઝીણાના નેતૃત્વમાં પહેલીવાર અધિકારિક રીતે પાકિસ્તાનની માંગ કરી.

એ જ દશકમાં કાશ્મીરમાં શેખ અબદુલ્લા એક એવા નેતા તરીકે બહાર આવ્યા જે નવા કાશ્મીરની વાતો કરતો હતો. જેમાં પંથનિરપેક્ષતાવાળું શાસન હોય અને આધુનિકતા અને લોકશાહી હોય. બેશક એમાં કાશ્મીરના હિંદુ રાજા વિરુદ્ધ એક પંથનિરપેક્ષ લોકશાહી સ્થાપી, પોતે મુખ્યમંત્રી કે પ્રધાનમંત્રી બનવાના સ્વપ્ન હતા. પણ મુસ્લિમ પાકિસ્તાનની જોર લેતી હવા વચ્ચે નેહરુએ કાશ્મીર જેટલા વિરાટ અને મહત્વપૂર્ણ પ્રદેશને ભારત સાથે રાખવા ૧૯૩૭માં શેખ અબદુલ્લા સાથે પહેલી મુલાકાત કરી. તેને પંથનિરપેક્ષ લોકશાહી રાષ્ટ્રના નિર્માણનો હવાલો આપી પોતાના મિત્ર તરીકે સંપર્કમાં રાખ્યો. શેખ અબ્દુલ્લાને તેમણે છેક ૧૯૪૭ સુધી સાચવ્યો, જ્યારે ભારતને પાકિસ્તાનના નિર્માણ સાથે આઝાદી આપવામાં આવી.

હવે આવીએ સીધા વિભાજનના સમયે જ્યાં ભારતના ૫૬૨ રજવાડાઓને છૂટ આપવામાં આવી છે કે જેને ભારત કે પાકિસ્તાનમાંથી જેની સાથે રહેવું હોય તે છૂટ છે. સ્વતંત્ર રહેવાની પણ છૂટ છે. રજવાડાઓનું ભારતમાં એકીકરણ નેહરુ સરકારના ગૃહમંત્રી તરીકે સરદાર પટેલ સંભાળી રહ્યા હતા. અને સરદાર પટેલનું ધ્યાન કાશ્મીર પર નહોતું. તેમની સીધી દૃષ્ટિમાં ૮૦ ટકા જેટલી મુસ્લિમ વસ્તી ધરાવતો પ્રદેશ જે પાકિસ્તાનથી અડીને છે એ ભારત સાથે રહેશે નહીં, અને રહેશે તો ભારત એને સંભાળી શકશે નહીં. એના રાજા તરીકે કોણ છે તે લોકશાહીના એ સૂર્યોદયના સમયે અર્થહીન હતું. પણ નહેરુની એ માતૃભૂમિ હતી, તેને એ જવા દેવા નહોતા માંગતા. તેમણે સરદારને કહ્યું, 'કાશ્મીર આપણી સાથે રાખવાનું છે. એ હું સંભાળીશ તમે બીજા રજવાડા સંભાળો.' તો જે કહેવાય છે કે બાકી બધા રજવાડા સરદાર

પટેલે સંભાળ્યા અને એક કાશ્મીર જ નહેરુએ સંભાળ્યું અને એ જ ગૂંચવી નાખ્યું, એની સત્યતા આ વાતે છે. નહેરુ સ્વાભાવિક રીતે પાકિસ્તાનનું મનાતા કાશ્મીરને ભારતમાં જોડી રાખવા કટિબદ્ધ હતા, અને શેખ અબ્દુલ્લાને એના માટે જ સાથે રખાયો હતો.

**જૂનાગઢનો કિસ્સો પાયો બન્યો :**

સરદાર પટેલ કાશ્મીર માટે કટિબદ્ધ ત્યારે બન્યા જયારે જૂનાગઢમાં તેમની સમજથી વિપરીત વાત સામે આવી. વી. પી. મેનન જે તેમના સચિવ અને જમણો હાથ મનાતા હતા તેમણે સરદારને ખુફિયા જાણકારી આપી કે જૂનાગઢનો નવાબ પાકિસ્તાન સાથે વાતચીતમાં છે અને હિંદુ બહુમતીવાળા જૂનાગઢને પાકિસ્તાન સાથે ભેળવવા માંગે છે. સરદાર ચોંકી ગયા અને શામ-દામ-દંડ-ભેદ વડે નવાબ પર દબાણ વધારી દીધું. તેમણે રાજકોટ સુધી સૈન્ય મોકલી જૂનાગઢની હિંદુ પ્રજા તરફથી બળવો કરાવી માહોલ તંગ કર્યો. જૂનાગઢના નવાબે પાકિસ્તાન સાથે જોડાવાની ઈચ્છા જાહેર કરી દીધી અને ડરીને પાકિસ્તાન ભાગી ગયો. પણ કાનૂની પેચ હજી ફસાયેલો હતો. જૂનાગઢ ભારતમાં ત્યારે ભેળવાય જયારે નવાબ સહી કરે. નવાબ પાકિસ્તાનમાં હતો અને પાકિસ્તાન જૂનાગઢ પર દાવો કરી રહ્યું હતું. વી. પી. મેનન નહેરુ પાસે સલાહ લેવા ગયા કે આ કાનૂની પેચમાંથી કેવી રીતે નિકળવું? નહેરુએ કહ્યું કે જૂનાગઢમાં જનમત સંગ્રહ કરાવી લો અને ભારતમાં ભેળવી લો.

વી. પી. મેનન એ વિચારથી સંમત થયા અને સરદાર પાસે ગયા, પણ સરદાર પટેલ એ વાતે અસમંજસ બતાવી. મેનને તેમને એ કહીને સમજાવ્યા કે બીજો કોઈ રસ્તો નથી. જો જનમત સંગ્રહ કર્યા વિના જૂનાગઢ ભેળવવાની કોશિશ કરીશું તો કાનૂની મામલો ચાલુ રહેશે અને યુએનમાં જતો રહેશે. બીજી સમસ્યા એ છે કે કાલે કાશ્મીરના રાજા હરિસિંહ ભારતમાં જોડાવવા સહી કરશે તો પણ કાશ્મીર ભારતનું નહીં મનાય. કારણ કે આપણે નવાબની ઈચ્છાને જૂનાગઢની હિંદુ બહુમતીના તર્ક પર નથી માની. વાત સચોટ હતી. સરદાર માની ગયા અને જૂનાગઢમાં જનમત સંગ્રહ થયો. બે લાખ લોકોએ ભારતમાં રહેવા વોટ આપ્યો અને ૯૧ લોકોએ પાકિસ્તાનમાં  રહેવા. આ રીતે જૂનાગઢ ભારતથી જોડાયું.

**હવે કાશ્મીર :**

સરદાર હવે કાશ્મીર પ્રત્યે કટિબદ્ધ બન્યા, કારણ કે ત્યાં બે વાતે શક્યતાઓ હતી. એક હરિસિંહ હિન્દુ રાજા રૂપે ભારત સાથે જોડાઈ શકતા હતા, અને બીજી બાજુ કાશ્મીરી પ્રજાનો નેતા બની ચૂકેલ શેખ અબ્દુલ્લા નહેરુના પક્ષમાં હતો. નહેરુ આશ્વસ્ત હતા કે જનમત સંગ્રહની વાત આવશે તો પણ શેખ અબ્દુલ્લાના રસ્તે ભારત તરફી વોટિંગ થઈ જશે. પણ રાજા હરિસિંહ તે વખતે કાશ્મીરને સ્વતંત્ર રાખી સ્વિટ્ઝરલેન્ડ જેવો સ્વતંત્ર દેશ બનાવવાની ઘેલછામાં હતા. અને સરદારે ત્યાં ટકોરા મારવાનું શરૂ કર્યું કે એ તો કદી નહીં થાય, શેખ અબ્દુલ્લા લોકોની ક્રાંતિ કરાવી તમને હટાવી લેશે અને કાશ્મીર પાકિસ્તાનમાં જશે.

પણ હરિસિંહ ત્યાં સુધી ન માન્યા જ્યાં સુધી

પાકિસ્તાની કબાલીઓએ કાશ્મીર પર આક્રમણ ન કરી દીધું. એ વખતે હરિસિંહે સરદારની મદદ માંગી, અને સરદારે કહ્યું કે પહેલા ભારતમાં જોડાવાની સહી કરો પછી હું ભારતનું સૈન્ય મોકલું. હરિસિંહે સહી કરી જે આખા કાશ્મીર રાજ્યનો ભારત સાથે જોડાવાનો એક ઐતિહાસિક પુરાવો બન્યો. પટેલે સૈન્ય મોકલ્યું અને કબાલીઓ આજના POKની સીમાએ રોકી લેવામાં આવ્યા. હવે ત્રણ ચાર દિવસમાં કબાલીઓએ જેટલું કાશ્મીર કબજે કરી પાકિસ્તાન હેઠળ લાવ્યું હતું તેમાં ભારતીય સૈન્યને પ્રવેશવાનું હતું. ટેકનિકલી તે હરિસિંહના જ કાશ્મીરનો ભાગ હતો, તો હવે ભારતને એ પાછું લેવાનો હક હતો. પણ એ વાત જે કહેવામાં નથી આવતી તે એ છે કે કબાલીઓએ જીતેલા ભાગમાં હવે પાકિસ્તાની સેના પ્રવેશી ચૂકી હતી. અને ભારતને એ પ્રદેશ પાછો લેવા હવે પાકિસ્તાની સેનાથી લડવાનું હતું. હવે એ યુદ્ધ હતું.

સરદારે એ યુદ્ધની તૈયારી બતાવી ત્યારે નહેરુ પણ એ જ પક્ષે હતા. કારણ કે આ એજ કાશ્મીર હતું જે માટે નહેરુ બે દશકથી પોતાનો જાળ ફેલાવી રહ્યા હતા. પણ ત્યાં લોર્ડ માઉન્ટબેટને વિરોધ કર્યો. માઉન્ટબેટનના વિરોધનું ટેકનિકલ કારણ એ હતું કે તે સમયે બ્રિટિશ ફિલ્ડ માર્શલ સર ક્લોડ ઑકિનલેક ભારત અને પાકિસ્તાન બંનેના સૈન્યના વડા હતા. તેમની જ એક સેના તેમની જ બીજી સેના પર આક્રમણ કરે એ વાતે માઉન્ટબેટને અસ્વીકાર દર્શાવ્યો, અને સલાહ આપી કે આ વાત માટે લડવાની જરૂર નથી. આ ભારતના પક્ષે એક આસાન મુદ્દો છે. બે વર્ષ પહેલા યુનાઈટેડ નેશન્સ આ માટે જ બન્યું છે. હરિસિંહે સહી કરી એ આખો પ્રદેશ ભારતનો જ છે, યુએનમાં વાત લઈ જાઓ એટલે યુએન ભારત પક્ષે આદેશ કરી પાકિસ્તાનના સૈન્યને ત્યાંથી હટવા આદેશ આપી દેશે.' માઉન્ટબેંટનનો તર્ક અને કહેવાનો ભાવાર્થ કંઈક આવો હતો, 'ભારત અને પાકિસ્તાન બંનેના સૈન્ય વડા તરીકે એક જ બ્રિટિશ વ્યક્તિ પાકિસ્તાનની સેનાને ત્યાંથી હટવાનો આદેશ ન આપી શકે. એ ભારતના સેના પ્રમુખનું નિવેદન ગણાય. ના એના સામે યુદ્ધનો આદેશ ભારતની સેનાને આપી શકે, કારણ કે સેનાના વડા તરીકે તે બંને પક્ષના સૈનિકોને એકબીજાને મારવા ન મોકલી શકે જ્યાં જીતનો ઉદ્દેશ્ય પણ એકબીજાથી વિરુદ્ધ છે.' અને આ વાતને મજબૂરીથી સ્વીકારી. જેવો નહેરુ એ મુદ્દો યુએનમાં લઈ ગયા, ઈંગ્લેન્ડ અને અમેરિકા સહિત મોટાભાગના પશ્ચિમી દેશોએ ભારત વિરુદ્ધ મત આપ્યો અને મામલો ગૂંચવી દીધો.

એવું પણ કહેવાય છે કે માઉન્ટબેટનને પણ તેની સરકાર આવું કરશે એનો અંદાજો નહોતો, અને તેણે પોતાની સરકારને ઘણી વિનંતી કરી કે મનાવવાની કોશિશ કરી, પણ બ્રિટન અને પશ્ચિમી દેશો પાકિસ્તાન તરફી રહેવામાં પોતાની વિદેશનીતિ જોઈ રહ્યા હતા. વ્યક્તિગત રીતે હું માનું છું કે ફિલ્ડ માર્શલ સર ક્લોડ ઑકિનલેકને ૩૦ નવેમ્બર ૧૯૪૭ સુધી બંને સેનાનો વડો રાખવો, ત્યાં સુધીમાં જ ૨૨

થી ૨૬ ઓક્ટોબર સુધી પાકિસ્તાનની સેનાના સ્થાને કબાલીઓ મારફતે POK જેટલી જમીન કબજે કરાવવી અને પાછળ પાકિસ્તાની સેના દ્વારા એ જીતેલી જમીન પર ગોઠવાઈ જવું અને પછી માઉન્ટબેટન દ્વારા એ સેના વિરુદ્ધ લડવાની ના પાડવી - આ આખું બ્રિટિશ ષડયંત્ર જ હોઈ શકે છે.

ખેર, ૨૧ એપ્રિલ, ૧૯૪૮ના રોજ યુએનએ કાશ્મીર મુદ્દે પોતાનું રિઝોલ્યુશન આપી દીધું, અને કહ્યું, પહેલા પાકિસ્તાની સેના અને રહેવાસીઓ POK ખાલી કરે અને પછી એ આખા કાશ્મીરની પ્રજાનો જનમત સંગ્રહ કરાવી કાશ્મીરના ભવિષ્યનો ફેંસલો કરવામાં આવે. પાકિસ્તાને POK ખાલી કર્યું નહીં, એટલે જનમત સંગ્રહ થયો નહીં. પણ પાકિસ્તાન અચાનક ગમે ત્યારે ત્યાંથી હટી જાય તો જનમત સંગ્રહનો સમય અચાનક આવી જાય એ તલવાર હંમેશા લટકતી રહી. આ માટે નહેરુએ શેખ અબ્દુલ્લા અને કાશ્મીરીઓનું આઝાદી પછી પણ તુષ્ટિકરણ કરી તેમને ભારતની તરફેણમાં રાખવા કોશિશ કરી. પણ એ જ શેખ અબ્દુલ્લા જ્યારે કાશ્મીરને અલગ કરી પોતે એનો પ્રધાનમંત્રી બનવાની કોશિશ કરવા લાગ્યો, ત્યારે ૧૯૫૩માં નહેરુએ તેને પદભ્રષ્ટ કરી જેલમાં પૂરી દીધો અને ૧૯૬૪ સુધી (નહેરુના મૃત્યુ સુધી) તેને જેલમાં પૂરી રાખ્યો.

કાશ્મીરમાં જે ઘટ્યું છે તે આ છે, આ એ છે જેના પ્રમાણ છે, દસ્તાવેજ છે. ઘટનાઓની આ આખી હારમાળામાંથી પોતાની ઈચ્છા મુજબના પીસ ઊઠાવી તેમાં એક બે ખોટી વાતો ભેળવી દઈ ઘણું બધું પીરસવામાં આવ્યું છે અને સામાન્ય ભારતીયોનું બ્રેઈન વોશ કરવામાં આવે છે.

**સારાંશ :**

એક નિષ્પક્ષ ભારતીય હિન્દુ નાગરિક તરીકે હું કાશ્મીરના મુદ્દાને એ દિવસથી જ ગૂંચવાયેલો માનું છું જે દિવસે એની ૭૭% વસ્તી મુસ્લિમ થઈ ગઈ. અને એવા કાશ્મીરને જે ભૌગોલિક રીતે પાકિસ્તાનના ખોળામાં હતું ભારત પક્ષે લાવી દેવું એ જ મોટી ઉપલબ્ધિ હતી, બાકી સરદાર શરૂઆતમાં જે વાતે આશંકામાં હતા એ તો છે જ કે POK સહિત આખું કાશ્મીર ભારત પાસે આવી ગયું હોત તો પણ એ વિશાળ મુસ્લિમ વસ્તી ભારત સાથે કેટલું હળીમળીને રહી શકત, કે કેટલો ભારતને પોતાનો માની શકત? શું કાશ્મીરી પંડિતો જે આ નાના કાશ્મીરમાં વિસ્થાપિત થયા તે એ આખા કાશ્મીરમાં વિસ્થાપિત ન થયા હોત? મારી પાસે એનો જવાબ 'ના' માં નથી. કાશ્મીરનું જે થઈ શક્યું એ પણ એક સફળતા છે અને એ માટે નેહરુ-સરદારે જે કર્યું એ પણ બિરદાવવા લાયક હતું અને મોદી-શાહ જે કરી રહ્યા છે એ પણ વખાણવા લાયક છે. પોતાના દેશ માટે લડેલા અને જીવેલા પોતાના પૂર્વજો પ્રત્યે માનની અને સમજણની દૃષ્ટિથી જોવામાં જ સમજદાર વંશજોનું હિત હોય છે. એ સાચી દૃષ્ટિમાંથી જ આગળનો માર્ગ મળે છે, જૂઠ સાથે વ્યક્તિગત રાજકીય લાભ માટે કરાયેલા દોષારોપણથી કોઈ સાચો માર્ગ નથી મળતો.

**નિષ્કર્ષો :**

૧૫ ઓગસ્ટ ૧૯૪૭થી ૩૦ નવેમ્બર ૧૯૪૭ સુધી ભારત અને પાકિસ્તાનનો સૈન્ય વડો એક જ રખાયો હતો. તે હતો ફિલ્ડ માર્શલ સર ક્લોડ ઑકિનલેક. જેથી આઝાદી પછી તરત બે વિભાજિત થયેલા દેશ એકબીજા પર આક્રમણ ન કરે. ૨૨ થી ૨૬ ઓક્ટોબર કબાલીઓએ આક્રમણ કરી POK સુધીનો પ્રદેશ જીતી લીધો પછી હરિસિંહે સહી કરી. એટલે ભારત કબાલીઓને ત્યાં જ રોકી શક્યું. પણ કબાલીઓ પાછળ POKમાં પાકિસ્તાની સેના આવી ગઈ હતી, અને હવે POK પાછું લેવું એ બે એવી સેનાઓનું યુદ્ધ હતું જેનો સૈન્ય વડો એક જ હતો. એટલે માઉન્ટબેટને એ ન થવા દીધું, અને યુએનમાં મુદ્દો લઈ જવા બાધ્ય કર્યા. સરળતાથી માની જાઓ તો મનાવ્યા, થોડી આનાકાની કરો તો બાધ્ય કર્યા.

પણ સત્ય એ છે કે મુદ્દો યુએનમાં ગયા પછી, બ્રિટને બંને દેશને બે અલગ અલગ સેના પ્રમુખ આપી દીધા, જે પણ બ્રિટિશ હતા. ભારતમાં ૧૯૪૯ સુધી, પાકિસ્તાનમાં ૧૯૫૧ સુધી. કારણ ભારત અને પાકિસ્તાનમાં સેનાને ચલાવી શકે એવા ઉપરી રેન્કના ઓફિસરો તાલીમ પામેલા ન હતા એ અપાયું હતું. પણ એ કારણ હતું કે એ ત્રણ ચાર વર્ષ દરમિયાન બ્રિટન ભારત પાકિસ્તાન વચ્ચે રજવાડાઓની કે અન્ય વહેંચણીમાં સૈન્ય યુદ્ધ ન થઈ જાય અને બંને દેશ પહેલા પોતાને ત્યાં સ્થિર વ્યવસ્થા ઊભી કરી દે ત્યાં સુધી શાંતિમાં રહે એ સુનિશ્ચિત કરવાની કોશિશ કરી રહ્યું હતું.

**સંદર્ભો :**


1. Alibhai, M. (2018). *The Muslim Question : A Journey Through a Crisis*. Hurst Publishers. (પાકિસ્તાન નામ અને દ્વિ-રાષ્ટ્રવાદની પૃષ્ઠભૂમિ)
2. Choudhary, R. A. (1933). *Now or Never : Are We to Live or Perish Forever?* (Pamphlet). (રહેમત અલીનું મૂળ પેમ્ફલેટ).
3. Puri, B. (2009). *Kashmir : Towards Insurgency*. Oxford University Press. (શેખ અબદુલ્લા અને નહેરુના સંબંધો તથા ૧૯૫૩ની ધરપકડ)
4. Menon. V. P. (1956). *The Story of the Integration of the Indian States*. Orient Blackswan. (રજવાડાઓના એકીકરણ, જૂનાગઢ જનમત સંગ્રહ અને કાશ્મીર વિલીનીકરણની આંતરિક વિગતો)
5. Government of India. (1947). *Instrument of Accession of Jammu and Kashmir.* (મહારાજા હરિસિંહ દ્વારા ૨૬ ઓક્ટોબર ૧૯૪૭ના રોજ હસ્તાક્ષર કરાયેલ મૂળ કરાર).
6. Schofled, V. (2010). *Kashmir in Conflict : India, Pakistan and the Unending War*. I.B. Tauris. (માઉન્ટબેટન અને ઑકિનલેકની ભૂમિકા તેમજ યુએન ફરિયાદના સંજોગો.)
7. United Nations Security Council. (1948). *Resolution 47 (1948) on the India-Pakistan Question*. S/726. (કાશ્મીર મુદ્દે યુએનનો ઠરાવ).

# પ્રભુ દર્શન

- અશોક સોમપુરા

વર્ષોથી પ્રભુ દર્શન માટે મંદિરે જવાનો હિરાલાલનો નિત્ય ક્રમ હતો. એ ક્રમ મુજબ હિરાલાલ આજે મંદિરે દર્શન કરવા ઉપડયા. અચાનક જ તેમની નજર એક નિસ્તેજ ચહેરાવાળા નિ:સહાય પુરુષ પર પડી. તેમણે પોતાનું સ્કૂટર એ પુરુષ તરફ વાળ્યુ. એ ભાઈ પાસે પહોંચતા જ તેમને ભારે આંચકો લાગ્યો. એ ભાઈ તેમનો ખાસ જૂનો મિત્ર હતો. તેની ગરીબાઈ અને લાચારી જોઈને હિરાલાલ દુ:ખી. થયા. બન્નેએ એકબીજાને નમસ્કાર કર્યા. હિરાલાલની આંખમાં ઝળઝળીયા આવી ગયા. અરે ભાઈ તમારી આ દશા !

‘‘હા, ભાઈ - મારી પત્ની લાંબી બીમારી બાદ અવસાન પામી. બચત કરેલ બધી જ રકમ દવામાં વપરાઈ ગઈ. ભાડાના ઘરમાં રહેવાનો પણ વારો આવ્યો. અત્યારે ટ્યુશન અને પરચુરણ કામના સહારે જીવન ગુજારું છું, પણ... પણ...’’

અરે દોસ્ત ! પણ... બોલીને અટકી કેમ ગયો? અને તેની આંખમાંથી દડ દડ આંસુ વહેવા લાગ્યા. રડતાં રડતાં તે બોલ્યો, “આપણે બન્ને મિત્રો છીએ. મારી વેદનાને તું જરૂર સમજી શકીશ. પછી તેણે વાત આગળ ચલાવી. “મારા દિકરાને માંડ માંડ કમ્પ્યુટર એન્જિનીયરિંગમાં પ્રવેશ મળ્યો છે. તેના ભણતરની ચિંતા અને ખર્ચથી દુ:ખી છું. વળી તેને એક સારા કમ્પ્યૂટરની જરૂર પણ છે. પૈસાના અભાવે હું તે ખરીદી શકું તેમ નથી.’’ આટલું બોલતા તે ગદ્ ગદ્ થઈ ગયો.

આ સાંભળી હિરાલાલ વિચારે ચડ્યા. અમેરિકા સ્થિત તેમના દિકરાએ હજી અઠવાડિયા પહેલાં જ એક મોટી કંપનીનું ઊંચી કિંમતવાળુ કમ્પ્યૂટર તેમને અપાવ્યુ હતું.હિરાલાલે પોતાનું તે કિંમતી કમ્પ્યૂટર પોતાના મિત્રને આપવાનો નિર્ણય લીધો. મંદિરે દર્શન કરવા જવાનું તેમણે માંડી વાળ્યું. પોતાના મિત્રને ત્યાં થોડીવાર ઊભા રહેવાનું કહી એ નવું જ કમ્પ્યૂટર પોતાના ઘરેથી લાવી મિત્રના હાથમાં મૂક્યુ “લે દોસ્ત! મારા તરફથી તારા દિકરાને આ કમ્પ્યૂટરની ભેટ. અને તેના અભ્યાસ ખર્ચ માટેની પણ ચિંતા કરીશ નહિ લે આ મારું સરનામું.’’

આ સાંભળી હિરાલાલનો મિત્ર સ્તબ્ધ થઈ ગયો. આનંદના અતિ ઉમળકાથી એ કશું બોલી શક્યો નહિ. એ આભારના શબ્દો બોલવા ગયો પણ હિરાલાલે તેને અટકાવી દીધો. નમસ્કાર કરી બંને છુટ્ટા પડ્યા.

હિરાલાલે પોતાના મિત્રની સહાય કરી સંતોષ અનુભવ્યો. મિત્રના મુખ પર છવાયેલી પ્રસન્નતામાં જ તેમને - પ્રભુ દર્શન-થઈ ગયા.

# સંસ્થા સમાચાર

**જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, અમદાવાદ શહેર - QDC કલા ઉત્સવ 2025-26**

**QCD-4, QDC શાળા - ગુરુનાનક ખાલસા હિન્દી હા. સે. સ્કૂલ SVS 07**

**QDC - કન્વીનર : શ્રી વિજયસિંહ એલ. વાઘેલા (મો. નં. ૯૯૧૩૯૦૫૩૩૧)**

| ક્રમ | માધ્યમિક | QDC | પ્રથમ વિજેતાનું નામ | શાળાનું નામ | ધોરણ | વિદ્યાર્થીનો નં. | આચાર્યનો નં. |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ચિત્રકલા | ૪ | પટણી જાનવી વિજયભાઈ | જે.એન.બાલિકા વિદ્યાલય | ૯ | ૭૩૯૯૦૧૯૨૦૧ | ૯૯૦૯૮૪૯૫૯૯ |
| ૨ | બાળકવિ | ૪ | અન્સારી સિદ્ધિકા જાવેદ | જે.એન.બાલિકા વિદ્યાલય | ૯ | ૯૧૭૩૦૪૬૪૬ | ૯૯૦૯૮૪૯૫૯૯ |
| ૩ | સંગીત ગાયન | ૪ | ઠાકોર ડિમ્પલ સુરેશભાઈ | જે.એન.બાલિકા વિદ્યાલય | ૯ | ૭૦૬૯૮૦૪૯૯૩ | ૯૯૦૯૮૪૯૫૯૯ |
| ૪ | સંગીત વાદન | ૪ | ચૌહાણ ધ્રુવી મહેન્દ્રસિંહ | જે.એન.બાલિકા વિદ્યાલય | ૯ | ૯૩૨૮૯૭૯૧૮૫ | ૯૯૦૯૮૪૯૫૯૯ |

| ક્રમ | ઉચ્ચ માધ્ય. | QDC | પ્રથમ વિજેતાનું નામ | શાળાનું નામ | ધોરણ | વિદ્યાર્થીનો નં. | આચાર્યનો નં. |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ચિત્રકલા | ૪ | અન્સારી ચાંદની મો. સલીમ | જે.એન.બાલિકા વિદ્યાલય | ૧૧ | ૯૫૧૦૯૫૯૪૬૫ | ૯૯૦૯૮૪૯૫૯૯ |
| ૨ | બાળકવિ | ૪ | જોષી ધરા ચેતનભાઈ | જે.એન.બાલિકા વિદ્યાલય | ૧૨ | ૭૮૬૨૦૧૧૨૦૭ | ૯૯૦૯૮૪૯૫૯૯ |
| ૩ | સંગીત ગાયન | ૪ | જોષી ધરા ચેતનભાઈ | જે.એન.બાલિકા વિદ્યાલય | ૧૨ | ૭૮૬૨૦૧૧૨૦૭ | ૯૯૦૯૮૪૯૫૯૯ |
| ૪ | સંગીત વાદન | ૪ | વાઘેલા હિરલ નયનભાઈ | જે.એન.બાલિકા વિદ્યાલય | ૧૧ | ૮૩૪૭૯૦૨૬૨૫ | ૯૯૦૯૮૪૯૫૯૯ |

**SVS Level Results**


૧. અન્સારી જુલાયા આયશા સિદ્ધિકા જાવેદ એહમદ - (બાળકવિ) ૯-ખ (પ્રથમ વિજેતા)
૨. ઠાકોર ડિમ્પલ સુરેશભાઈ (સંગીત ગાયન) ૯-ખ (દ્વિતીય ક્રમ)
૩. ચૌહાણ ધ્રુવી મહેન્દ્રસિંહ (સંગીત વાદન) ૯-ખ (તૃતીય ક્રમ)
૪. વાઘેલા હિરલ નયનભાઈ (સંગીત વાદન) ૯-ખ (તૃતીય ક્રમ)
૫. પટણી જાનવી વિજયભાઈ (ચિત્રકલા) ૯-ગ (પ્રથમ ક્રમ વિજેતા)
૬. અન્સારી ચાંદની મો.સલીમ. (ચિત્રકલા) ૧૧-ગ (તૃતીય ક્રમ)
૭. જોષી ધરા ચેતનભાઈ (બાળકવિ) ૧૨-ક (પ્રથમ ક્રમ વિજેતા)
૮. જોષી ધરા ચેતનભાઈ (સંગીત ગાયન) ૧૨-ક (તૃતીય ક્રમ)

**માર્ગદર્શક શિક્ષક :** શ્રી ચેતનાબેન રાવલ






## શાળાકીય વાર્ષિકોત્સવ



## ડૉ. રક્ષાબેન દવેના વિશિષ્ટ શૈલીના ચિત્રો









ઘરશાળા
જાન્યુઆરી-૨૦૨૬
Registered under RNI No. GUJ GUJ/1976/33936. Permitted to post at Ahmedabad PSO on the 2nd of every month under Postal Registration No. GAMC - 1550 / 2022-2024 Valid upto 31st December 2024 (Applied for Renewal) PUBLICATION : 2ND DATE OF MONTH છૂટક કિંમત : રૂ.૨૦/- ● વાર્ષિક લવાજમ : રૂ.૨૦૦/-



## હે રામ..., ગાંધીજી

અમે બોલી નથી શકતા તમારું નામ ગાંધીજી,
કે અમને બીક લાગે છે થશો બદનામ ગાંધીજી.
તમે જન્મ્યા-જિવ્યા-માર્યા ગયા ને વાત થૈ પૂરી,
અધૂરા તોય શબ્દો રૈ ગયા હે રામ..., ગાંધીજી.
જો કાંતે રેંટિયો તો માત્ર ફોટોગ્રાફર સામે,
તમે સોંપી ગયા કોને તમારું કામ ગાંધીજી.
તમારાથી સવાયા વાણિયા આવ્યા છે ગાદી પર,
હવે થાતા રહેશે જાહેરમાં લીલામ ગાંધીજી.
હજી ફોટો તો લટકે છે તમારો દેશની ભીંતે,
રહી છે એટલે આદમનો હૈયે હામ ગાંધીજી.

- શેખાદમ આબુવાલા

માલિક : સરસ્વતી વિદ્યામંડળ, સરસપુર, અમદાવાદ-૩૮૦૦૧૮. ફોન : ૨૨૯૨૦૫૩૭
મુદ્રક,પ્રકાશક અને તંત્રી : સજુભા ઝાલા એ શ્રી ભગવતી પ્રિન્ટર્સ,
૭૯૭, કડિયાવાડ, સરસપુર, અમદાવાદ-૩૮૦૦૧૮. મો. ૯૮૨૫૭૫૨૪૩૭માં પ્રકાશિત કર્યું